શ. હે. મ.

જરથોસ્તીઓએ જાણવાજોગ હેવાલ.

ભાગ પહેલો.

જુદી જુદી કિતાબો ઉપરથી પોતે કરેલી નોંધમાંથી

ઉપજાવનાર

બેહેદીન દાદાભાઇ નાનાભાઇ ગાંધી

પેનશન્ડ ફર્સ્ટક્લાસ હેડ પોસ્ટ માસ્તર,

રહેવાશી સુરત ગોપીપરા પારશીવાડના;

પોતાના મરહુંમ દીનચુસ્ત અને પરહેજગાર

પિતા નાનાભાઇ બેહેરામજી ગાંધીની

યાદગારી માટે

છપાવી મફત કીધું છે.

કિંમત ૦-૪-૦

[illegible] મિત્ર પ્રેસ, સુરત.

દા. હો. મ.

જરથોસ્તીઓએ જાણવાજોગ હેવાલ.

ભાગ પહેલો.

જુદી જુદી કિતાબો ઉપરથી પોતે કરેલી નોંધમાંથી

ઉપજાવનાર

બેહેદીન દાદાભાઇ નાનાભાઇ ગાંધી
પેનશન્ડ ફર્સ્ટ કલાસ હેડ પોસ્ટ માસ્તર,
રહેવાસી સુરત ગોપીપરા પારશીવાડના;

એઓએ

પોતાના મરહુંમ દીનચુસ્ત અને પરહેજગાર પિતા નાનાભાઇ બેહેરામજી ગાંધીની યાદગારી માટે

છપાવી પ્રગટ કીધો છે.

કિંમત ૦--૪--૦

"દેશી મિત્ર" પ્રેસ, સુરત.

દાદાર અહુરમજદની મદદ

આમ જરથોસ્તીઓને જાણવાજોગ હેવાલ ભાગ પેહેલો.

દીબાચે.

પાક પરવરદેગાર જે કુલ જેહાંનની અશોપેદાએશને પેદાનો કરનાર અને રજકરોજી તથા સુખનો બખશનાર છે તેની બખશેશને હજારો હજાર શુકર ગુજારી, આએ હેવાલ, સેવકે જુદીજુદી કીતાબોપરથી કરી લીધેલી નોંધમાંથી, ઉપજાવી, આપણી જરથોસ્તી ખાશોઆમ કોમને જાણવાજોગ હોવાથી, પ્રસિધ કીધો છે. એમાં સપેંતમાન જરથોસ્ત વિશેનું બ્યાન, જરથોસ્તી મજહબનુ પુરાતનપણું તથા ખુબી, વગેરે વગેરે બાબતોનો સમાવેશ કીધેલો છે. જે જુદી જુદી કીતાબોમાંથી સેવકે નોધ કરી લીધેલી તે કીતાબોના રચનાર તથા પ્રગટ કરનાર સાહેબોનો આ પ્રસંગે સેવક મોટો ઉપકાર માને છે.

આ ચોપડી રચવાની સેવકની પહેલી કોશેશ છે, એમ કાંઈ કમબેશ ખ્યા ભુલ ચુક હશે તો વાંચનારા દાના સાહેબો દરગુજર કરશો એવી સેવક આશા રાખે છે.

લી૦ દુવાગીર સેવક,

તા. ૧૫મી ફેબરવારીસને ૧૯૦૨ રોજ શહેરેવર માહ શહેરેવર સને ૧૨૭૧ યઝદેજરદી શહેનશાહી. શંવત ૧૯૫૮ના માહા સુદ ૭ને વા. શનેઉ.	બેહેદીન દાદાભાઈ નાનાભાઈ ગાંધી પેન્શન્ડ ફર્સ્ટ કલાસ હેડ પોસ્ટ માસ્તર રહેવાશી ગોપીપરા પારસીવાડના

સલામ વાંચશો,

અશો જરથોસ્ત પેગંબરનો જન્મ.

અશો પેગંબર જરથોસ્ત પાદશાહ લોહોરાસ્પની પાદશાહી નાં ૧૧૦ માં વરસની આખરીએ, રોજ ૬ઠો માહા ૧ પહેલાને રોજ બામદાદે જનમ્યો હતો.

અશો જરથોસ્ત વરશ ૩૦ની ઉમરે રએ શેહેરથી ઇરાન તરેફ જવાને નીકળ્યો. રોજ અંનેરાંને માહા અશપંદાંરને રોજ ઇરાન શેહેરની સરહદમાં આવી પોહોંચ્યો. એ વેળા રએ શેહેરથી પોતાના કેટલાક સગામાંના મરદ અને ઓરત સાથે આવતાં વચમાં આબ્હી નદી જે ઘણીં ઊંડી છે તેમાં વહાણ કે હોડી મળી નહીં. તેથી તરીને જવાનો ઇરાદો ઓરતોને લાએક નહીં હોવાથી પેગાંમબર જરથોસ્તે ઘણીએક આજેજી સાથે ખોદાતાલાની આરજુમાં અરજ કીધી. તે કબુલ થવાથી બનાવ એવો બન્યો એ સધળા મરદ અને ઓરતને જરથોસ્તે પોતાની સાથ કપડાં ?ીત પાણીમાં ચાલવાને કહ્યું. તે મુજબ કરતાંજ પાણી ઉ ?ર ? પુલ હોય ને ચાલી જવાએ તે માફક તેઓ ચાલી ? ઉતર્યાં.

મેદીઓ માહાં એ જરથોસ્તના કાકા આરાસ્પનો બેટો થાય અને જરથોસ્તનો પેહેલો શાગરેદ થાય.

અરદીબેહેસ્ત મહીનોને દયમેહેર રોજે બમદાદમાં અશોજરથોસ્ત ઇરાનથી બાહેર નીકળ્યો, અને એક ઉંડા દરીઆવ (નદી) આગલ જઇ પોહોંચ્યો. જે નદીને દાએતી-વંઘાદાએતી–રીદેદા એતી વગેરે નામ જુદી જુદી બાશામાં કહે છે. જેમ તેને હાલનાં લોક રોદેઆમુન કરી કહે છે. ત્યાં જઇ પાંહોંચ્યો અને તેમાં ઉતરી ચાલવા માંડયું. તે પાણીંએ ચાર મરતબે તેના ઉપર હુમલો કીધો. પેહેલાં ઘુંટીવેર પછે બીજીવાર ઘુંટણવેર, ત્રીજીવાર કમરવેર, અને ચોથીવાર ગરદનવેર.

એ ચાર મરતબે પાણી ચહડવાની નીશાણ જરથોસ્તને ખોદાતાલાએ એ રીતે જાહેર કરી હતી કે આવતાં નવહજાર વરસની મુદતમાં બેહેતર માજદીઅશ્નની દીન ચાર મરતબે તા

થશે. તેમાં પેહેલાં જરથોસ્ત અસ્પંતમાન હકની દરગાહથી ભલી દીન લાવશે અને તેને દુનીઆમાં જાહેર કરશે. બીજી મરતબે હોશેદર, ત્રીજી મરતબે હોશેદરમાંહા, અને ચોથી મરતબે શોશીઓસ્ત ભલી દીન દાદારથી કબુલ કરીને તેને ફેલાવશે.

આદર બાદ માહેશપંદ નામનો મોબેદ ઇરાન શેહેરમાં જનમ્યો હતો. તેણે શાશાની તબકાના ચોથા પાદશાહ શાહાપુર બીન હોમજરના વખતમાં માજદીઅશની દીનની શચાઇ વીશે પોતાના બદન ઉપર તાવેલું કાંશું ઓતીને ગુમરાહ તથા શકમંદ લોકોના દેલને એ ભલી દીન ઉપર ઓસ્તવાર કીધાં હતાં.

અશો જરથોસ્તે અરજ કીધા ઉપરથી દાદાર હોરમજદે જવાબ વાળ્યો કે-અએ અશો જરથોસ્ત તું આલમના લોકોને જાહેર કરજે કે તેઓ જાહેર અને છુપી રીતે બંદગી કરતી વેળાએ જે ચીજ જાતે નુર ભરેલી છે તથા રોશન હોય તેને મહારાં નુર તરીકે શમજીને તેની રોશની તરફ પોતાનું મોંહો રાખી તે માહારી એબાદત કરે. દુનીઆમાં શરવે લોકોની નજદીક રોશની વધારે મરતબો ધરાવે છે અને બેહુ દુનીયામાં માહારા નુરથી કોઇબી જગોને તું ખાલી નહીં જોશે.

બહમંન અમશાશપંદ જરથોસ્તને કહેવા લાગો કે અએ જરથોસ્ત, શઘળી જાતનાં ગોશપંદો મેં તાહારી અખતેઆરમાં શોપયાં છે. તેથી તું મોબેદો તથા શરદાર લોકોને ફરમાવજે કે તેઓ સઘળાં લોકોને ગોશપંદોની જતન તથા નેગેહબાની કરવા વીશે ભલામણ કરે. જેથી આલમને ફાએદો પોહોંચાડનાર જવાન ગોશપંદો અને તેમજ નાહાનાં પશુઓને નહીં કાપે. કેમકે એવી પ્રકારનાં ચોપગાંને કાપનારો શખશ ખોદાતાલાની હજુરમાં અણગમતો થઇ પડે છે.

અરદી બેહેસ્ત અમશારપંદે અશોજરથોસ્તને કહયું કે તુ પાદશાહ ગોસ્તાસ્પને કહેજે કે શઘળા આતશોની જાળવણીનું કામ મેં તુંને શોંપ્યું છે તેથી આબરૂ અને ઇજતની સાથે દરેક શેહેરમાં આતશ કદેહો બનાવી શદેહના કાયદાઓને તું બુજોરગી આપજે. તથા તે આતશોને ઠંડા પાણીથી તથા શખ્ત માટીથી હલાકી નહીં પોંહોચે તેને શારૂ તું પહેરેજગાર દસ્તુરો તથા મોબેદો તથા હેરબદોને ફરમાવજે કે તેઓ

શદેહ એ બહમંન મહીનોને આવાં રોજનાં જશનને કહે છે. કહે છે કે એ દીને પાદશાહ હોશંગ પેશદાદા એકશો માણુસ સાથે પાહાડની તરફ ગયો હતો. ત્યાં એક અજદાહ ઉપર તેની નજર પડી તેથી તેણે તેની ઉપર એક પથ્થર ફેંકયો. તે પથ્થર ચુકીને એક બીજા પથ્થર ઉપર લાગો તેમાંથી આતશ શળગી ઉઠયો. તે આતશને પાદશાહ હોશંગે ખોદાની તરફનું નુર જાણીને તેનો શેજદો કીધો. અને તે દહાડે એક મોટું જશન કરી સઘળા લોકોને તે આતશનો કેબલો કરવા શારૂ ફરમાવ્યું અને તે દીવસથી આતશનો કેબલો કરવાનો તરીકો આલમમાં જાહેર થયો, તે જશનને શદેહ કરીને કહે છે. એ વીશે એવું ત્વારીખ તથા ફારશી ફરંહગોની કીતાબમાં લખે છે.

ફીરદોશીનાં શાહાના-માંમાંને શારેસ્તાને ચાર ચમન નામની ફારશી કીતાબોમાં કદીમ પહેલવી પુસ્તકોના આધારથી એવું જાહેર કરેલું છે કે અશો જરથોસ્ત કે આંની પાદશાહ ગોરસ્તાસ્પના મહેલમાં આવ્યો તે વેળા પાદશાહનું એવાંન ફાટું અને તે રસ્તે આશમાંનની તરફથી એક શુનેરી તખ્ત પાદશાહ તથા તેની દરબારનાં લોકોની નજર હજુર તેના મહેલમાં ઉતર્યું. તે તખ્તની ઉપર અશો જરથોસ્ત દબદબા સાથે બેઠેલો હતો. અને તે પોતાની સાથે એક શરવના જાહાડનો રોપો તથા આદરબુરજીન નામનો એક આતશ તથા અવસ્તાના પુસ્તકો પાક દાદારની તરફથી તેની ખરી પગંબરીની શાક્ષી તરીકે લાવેલો હતો. તે ત્રણ ચીજો મધેથી શરવનાં જાહાડમાં આ કરામત હતી કે તેનું દરેક પાંદડું ફુટતું હતું. તે ઉપર ગોશતાસ્પ તું ભલી દીનને કબુલ કર એવા શબ્દો કુદરતથી લખાયલા માલુમ પડતા હતા. તે જાહાડ પાદશાહ ગોશતાસ્પે પોતાના મહેલની આગલ રોપ્યું હતું, અને પેલા આદર બુરજીન નામના આતશમાં એ ખુબી હતી કે જે કોઇ તેને પોતાના હાથમાં પકડતા હતા તેના હાથને તેથી ગરમી નહીં લાગતી હતી. ને તે આતશ વગર કાડીએ બલતો હતો. તથા તેને પાણી તથા ખાકથી કશી ઇજા પોંહોંચતી નહતી. એ આદર બુરજીન નામના આતશને પાદશા ગોશતાસ્પે બલખ શેહેરમાં મોટા દબદબાથી તખ્તનશીન કીધો હતો. અવસ્તાના પુસ્તકોમાં પાક દાદારનાં ખરા ફરમાંનો તથા બંધે જેહાંનનો એહેવાલ જાહેર કરેલો હતો. અને જે વેળા તુરાંનનો પાદશાહ અરજાંસ્પ તુરકી

ઇરાન દેશ ઉપર ચહડી આવ્યો હતો તે વેળા બલખ શેહેર મધે ઘણા એક પહરેજગાર લોકોને કતલ કીધા તે વેળાએ આતશખાનાઓને ખરાબી પોંહોંચાડી. તે વેળાએ તેણે પેગંબર જરથોસ્તનાં લાવેલાં પુસ્તકોને એક મોટો આતશ શલગાવીને તેમાં બાળી નાખવાની ધારણાથી નાખ્યાં હતાં. પણ તે પુસ્તકોને આતશથી કશી રીતે હરકત પોંહોંચી હતી નહીં. (દા. ના. ગાંધી)

જેવારે પાદશાહ ગોસ્તાસ્પની દરગાહનાં ઓલમાંઓ અને કાએલો સાથ ત્રણ દીવસ સુધી તકરારો અને પુછપરછમાં જીત પામ્યો તેવાર પછે અશો જરથોસ્તે પાદશાહ ગોશતાસ્પને અવસ્તાની કીતાબ આપીને પેગંબરી દાવો ઉઠાવ્યો. તે વાર પાદશાહ ગોશતાસ્પે મોજેજાઓ માગ્યા તે વારે અશો જરથોસ્તે પહેલો જવાબ દીધો કે માહારા બોલવાની શાબેતીમાં આએ ફરમાનો **જે હું લાવ્યો છું તે બશ છે. કેમકે પાક ઇઅજદાંએ મને ફરમાવ્યું છે કે હવે પછે દુનીઆંની સપાટી ઉપર તું કોઇબી લેઆનતી દેવને જાહેરમાં નહીં જોશે, એજ શાક્ષી પાદશાહ ગોશ્તાસ્પને ઘણી છે. માટે આ કેતાબો હું જે લાવ્યો છું તેની અજમતથી દુનીઆમાં શઘળા દેવો અને જાદુગરો છુપા થશે.**

પાદશાહ ગોશતાસ્પની દરગાહના ઓલમાઓએ જરથોસ્તના ઉપરથી પાદશાહની મેહેરબાનીને ઉનારી તેને ખરાબ કરવાના ઇરાદાથી તેના ઘેરની કુંચી જે તે પાદશાહના મહેલના દરબાનને શોંપી જતો હતો તેને શમજાવી તેની પાશેથી લઇ તેનાં ઘરમાં તથા દફતરમાં બાલ તથા મુરદાંનાં હાડકાં વગેરે નાખી પાદશાહને શમજાવ્યો કે એ જાદુગર છે માટે એનો ભરૂશો ના કર. એ વાતની તજવીજ કરતાં પેલાં દરબાને સાક્ષી આપી કે જરથોસ્તના બાહેર નીકળવા પછે પવન મજાલ એનાં ઘરમાં પેસવા દીધો નથી. એવી જુઠી સાક્ષી પાદશાહે ખરી માની શક લાવી, જરથોસ્તને કેદ કીધો. ને તેને દર ત્રીજે દહાડે ખોરાક અને પાણી રાબેતા મુજબ આપવાને એક માણુસ મુકરર કીધો. અને તેને શારૂ ખાણું પાણી લાવતો. પણ અશો જરથોસ્ત તે કાંઇ ખાતો પીતો નહીં. એ રીતે સાત દીન કેદખાનામાં ગુજાર્યા.

એવો શબબ બનેઓ કે એક દીવસ બામદાદને વખતે

અસ્પેશીહા નામનો ઘોડો જે ઘણી ચાલાક તેજ ચાલનો હતો અને જે ઉપર પાદશાહ ગોશતાસ્પનો ઘણો પ્યાર હતો તે ઉપરના રખેવાલ ઘોડાવાલાએ અસ્પેશીહાને વગર પગથી જમીન ઉપર પડેલો જોયો અને તેના ચારે પગ તેના પેટમાં ઘુશી ગયલા દીઠા. તેથી બાદશાહની પાએગાહ આગળ મોટો પોકાર ઉઠયો. તથા પેલા ઘોડાઓનો ઉપરી મોટી ધાસ્તીમાં પડયો. અને તેણે પાદશાહના તખત આગળ આવીને અસ્પેશીહાનો એ હેવાલ કહી સંભળાવ્યો. તેથી પાદશાહ અજાએબ થઇ કહેવા લાગ્યો કે એ બનાવ ઘણો અજાયબ જેવો છે. પછે પાદશાહ ગોશતાસ્પે ઘણાએક હકીમોને તે ઘોડાની દવા કરવા સારૂ બોલાવ્યા. તેઓએ ઘણીએક મેહેનત તથા દવા કરી પણ કશો ફાએદો થયો નહીં. એમ કરતાં આખો દીવસ પાદશાહ તથા ઘણી ખરી રઇએત એ ઘોડાની બેમારીની દલગીરીમાં બેકરાર રહી. અને પાદશાહે ખાણુંબી ખાધું નહીં. તે પાએગા આગળ લોકોની આમદરફતેહ ઘણી વધી પડી હતી. તે આખો દીવસ શેહેરમાં એજ અફવા ચાલુ હતી. પેલો બંદીખાના ખાતે બેગુનાહ અશો જરથોસ્તની આગળ તેનું રાએતા પ્રમાણે ખાણું લેઇ જનાર સખસ તે દાહાડે સાંજ સુધી તેની આગળ ગયો હતો નહીં. તે સાંજની વેળાએ જરથોસ્તને શારૂ ખાણું લઇ આવ્યો. તેને મોડું આવવાનો સબબ અશો જરથોસ્તે પુછયું તેવારે તેણે અસ્પેસીહાનો હેવાલ કહી સંભળાવ્યો, તે વાત સાંભળી અશો જરથોસ્તને તેને કહયું કે તું બામદાદને વખત પાદશાહ ગોશતારપ આગલ જઇને તેને માહારી તરફથી એવી એલતેમાસ કરીને કેહેજે કે જો તાહારો હુકમ હોય તો હું આ અંધારી જગોએથી બાહાર આવીને ઘોડાના ચારે પગ બાહેર કાહાડું. અને તેને આરામ કરૂં. તે મુજબ બીજે દહાડે બામદાદને વખત પેલા સખસે જઇ પાદશાહ ગોશતાસ્પને તે હકીકત જાહેર કરી. તેજ વેળા પાદશાહે જરથોસ્તને તે જગો લાવવાનો હુકમ કીધો. તેવાર પછે જરથોસ્ત બંધીખાનેથી બાહેર નીકળ્યો. અને નાહાવાની જગોએ ગયો. ત્યાં પોતાનું હાથ મોંહોં તથા સઘળું બદન પાક પાણીથી ધોઇ જલદીથી પાદશાહની આગળ આવ્યો. તે વેળા તેનો દબદબા ભરેલો ચેહેરો અને તેની આતુરતાઇથી પાદશાહને દુવા કરવાની

મતલબ જોઇને પાદશાહને અચરતી પેદા થઇ. જરથોસ્તે આવતાંને વાર પાદશાહને ઘણીએક દોઆ કીધી. તેજ વેલા પાદશાહે તેને પોતાની પાસે બેસાડી પેલા ઘોડાનો સઘળો હેવાલ તેને જાહેર કીધો. અને કહયું કે તેં મારી નજદીક મોટો દાવો ઉઠાવ્યો પણ તેને સરંજામ નહીં પોંહોંચાડયો માટે જો તું બેશક પેગંબર હોય તો આ ઘોડાને આરામ કર. તેવારે જરથોસ્તે તેને કહયું કે, અએ પાદશાહ, એ કામ તું હલકું ના જાણુ. જેવારે તું ચ્યાર કામો કરવાનો વગર શકથી માહારી સાથે કોલકરાર કરશે. તેવારે એ ઘોડાના ચ્યારે પગ બાહેર નીકળશે. પાદશાહે તે ચેહરે કામો પુછયાં અને તે કબુલ કરવાને પોતાની મરજી બતાવી. તેવારે અશો જરથોસ્ત પાદશાહને તે ખુલાશો અસ્પેશીહાનાં શીરાણા આગળ કરવાને કહયું. તેથી તેઓ તેજ વેળા ઘોડાની પાએગાહ આગળ ગયા. ત્યાં પાદશાહના લશકરી અમલદાર હાજર થયા હતા. અશો જરથોસ્તે ઘોડાને જોયા પછી ગોસ્તાસ્પને કહ્યું કે, જો તાહારૂં દીલ તથા જબાન (આ વાતમાં) બરાબર હશે તો તાહારી મુરાદ તુરત હાંસલ થશે. પણ તેમાં જો ખામી હશે તો આપણી મેહેનત ફોકટ જશે. અશો જરથોસ્તનાં એ બોલવાંને પાદશાહે કબુલ રાખ્યું, અને પોતાનો ઠરાવ તેને કહી સંભળાવ્યો કે તાહારી તરફથી આ દાખલો મળ્યાં પછે તાહારા હુકમ મુજબ બંદગીનાં કામો કરીશ, અને તાહારી દીન તથા કાએદાથી માહારૂં સર નહીં ફેરવીશ. પાદશાહ ગોસ્તાસ્પ અને અશો પેગંબર જરથોસ્ત શાથ આ ઉપલી વાત થઇ તે વેળા ઘણાએક લોકો ત્યાં હાજર હતા. એ પછે તેં ઇઅજદાં પરસ્ત જરથોસ્તે થોડો એક વખત પાક દાદારની હજુરમાં દુઆ માંગી ને પેલા ઘોડાના આગલા જમણા પગ આગલ પોતાનો હાથ ફેરવ્યો તેથી તે ઘોડાનો પગ તેજ વેળા બાહેર નીકળ્યો. તે જોયાથી પાદશાહને પુરતુ એકીન આવ્યું, અને પાદશાહ તથા તેનાં સઘલાં લશકરનું દેલ ખુશી થયું, અને તે સઘળા લોકો તે દીનદાર મરદ (જરથોસ્ત) ની તારીફ કરવા લાગ્યા.

પછે અશો જરથોસ્તે પાદશાહ ગોશતાસ્પને કહ્યું કે તું જમાના નામવર પેહેલવાન અશંદીઆરને બોલાવી તેને ફરમાવ કે તાહારી હજુરમાં તે શાહાજાદો ખોદાની દીનનો દાવો કરવા સારૂ તથા હુકમો મુજબ ચાલવા શારૂ અને પાક ઇઅજદાંની દુશમ

ની રાખનારા લોકોને બુનો બેખથી ઉખેડી નાખવા વીશેનો માહારી સાથે કોલકરાર કરે. તેથી પેહેલવાન અશ્ફંદીઆરે પોતાના બાપ આગળ આવી અશો જરથોસ્તના હાથમાં પોતાનો હાથ આપી કોલકરાર કીધો, કે તે પેહેલવાન પોતાના હાથ તથા તલવાર અને દેલ તથા જબાંનથી જરથોસ્તી દીનની મદદ તથા તઇઆરી કરશે, અને તેના હુકમથી જે કોઇ ઉલટો ચાલશે તેને સજા કરશે. એ રીતે કરાર થયા પછે જરથોસ્તે પાકદાદારની હજુરમાં દુવા માંગી અને પાક ઇઅજદાંના હુકમથી પેલા ઘોડાનો પાછલો જમણો પગ બાહેર નીકળ્યો, તે બંને પગો બાહેર નીકલવાથી પાદશાહ ગોશતાસ્પે તથા બીજા દીનદાર લોકોએ અશો જરથોસ્ત ઉપર આફ્રીન કીધી.

એ પછે અશોજરથોસ્તે પાદશાહ ગોશતાસ્પને એલતેમાસ કરી કે એક એવા સખસને હુકમ કર કે તે માહારી સાથે તાહારા મેહેલમાં આવે, તેની સાથે બાનુ કે–તાઉનની નજદીક જઇને હું તેને આ પવિત્ર દીનની નશીહતો સમજાવું. અને તેને દીન કબુલ કરાવું. એ વાત પાદશાહે કબુલ કરવાથી એક ખાશ માણુસને અશો જરથોસ્ત સાથ મેહેલમાં મોકલ્વો. ત્યાં બાનુ કેતાઉનને દીનની સમજુત આપી અશો જરથોસ્તે દીન કબુલ કરાવી અને અસ્પેશીહાની નજદીક પાછા આવીને ઇઅજદાંની આગળ દુવા માગી તેથી પેલા ઘોડાનો ત્રીજો પગ બાહેર નીકળ્યો.

એ પછે નેક દાનાઇના જરથોસ્તે કહ્યું કે આ એ પાદશાહ હમણાં તુને પેલા દરબાનને બોલાવી ધમકી આપીને પુછવું જોઇએ કે—માહારા મકાંનમાં કોણ ગયું હતું, અને આવી રીતે નજીશ અસબાબ કોણ લઇ ગયું હતું, અને તહારી નજદીક માહારી રૂશવાઇ કોણે કીધી હતી. જો તે ખરૂં બોલશે તો સઘલું કામ દુરસ્ત થશે, અને જો ખોટું બોલશે તો તાહારો ઘોડો નબલી હાલતમાં રહેશે. તેવારે પાદશાહે હુકમ કીધો તેથી પેલા આદમીઓની મોટી ભીડમાંથી દરબાન પાદશાહની આગળ આવીને હાજર થયો. તેને પાદશાહે ધમકીથી પુછ્યું કે દીનદાર જરથોસ્તનાં મકાનમાં કોણ ગયું હતું, તથા પેલી મુરદાલ વસ્તુઓ ત્યાં કોણ લઇ ગયું હતું, અને એ મકકર ભરેલું કામ કોણે કીધું હતું. જો તું આ મહારા સવાલનો ખરો જવાબ વાલશે તો તાહારી દ-

લગીરી મટી જશે. ને જો તું ખોટું બોલશે તો આ ભર મીજ-
લશમાં તુરત તને કતલ કરાવીશ. પાદશાહના આવા શખુન શાંભલી
દરબાને રાસ્તી બોલયા વગર તેણે બીજો કશો એલાજ જોયો
નહીં. તેથી તેણે પાદશાહની આગલ નમનતાઇ કરી ગુનાહની
માંફી માગી. તે પાદશાહે બખશી. તે વારે તે દરબાન પેલા
ઓલમાઓએ કરેલાં સઘલાં કામો વીગતવાર એહેવાલે પાદશાહને
જાહેર કીધાં, અને કહ્યું કે ઓલમાઓએ તેને લાલચ આપીને
તેઓનાં કામોનો ભેદ નહી જાહેર પાડવા વીશે કબુલત કીધી હતી,
તેઓ તાહારી નજદીક ઘણો વગ ધરાવનારા હતા તથા વીશવાશુ
હતા. તેથી તેઓના કહેવાને નામંજુર કરવાની મને હીમત રહી
નહીં, પણ હવડાં મને તું પાદશાહથી આશરો મલ્યો છે, વારતે
હું તેઓની કશી દરકાર રાખતો નથી. આ વાત શાંભલવાથી
પાદશાહને હજરત જરથોસ્તની દીન વીશે કશો શક રહયો નહીં.
અને પાદશાહના હુકમથી પેલા ચેઆરે ઓલમાઓને જીવતા ફાંશી
ચહડાવ્યા. એ પછે અશો જરથોસ્તે પાક દાદારની હજુરમાં દુવા
કીધી તેથી પેલા ઘોડાનો ચોથો પગ બાહેર નીકળ્યો. ને તુરત
તે ઘોડો વાઘની મીશાલે ઉઠી ઉભો થયો એ વેળા પાદશાહે
તથા બીજા પહેલવાનોએ ઉઠીને બુજોરગી ભરેલા જરથોસ્તને
પોતાનો ઘણોએક પ્યાર બતલાવ્યો, અને તેની ઘણીએક વખાણ
કીધી, અને પાદશાહે ઘણી ઇજત સાથે પોતાના તખ્તની આગલ
બેસાડયો. અને પોતાની તરફથી તેને પહોંચેલી તસદી તથા ઇજા
વીશે પાદશાહે તેની પાસે માફ માગી તે અશો જરથોસ્તે કબુલ કરી.

પાદશાહ ગોશતાસપે પેગંબર જરથોસ્તથી ચાહેલો બીજો
મોજેજો, એ હતો કે, એક દીવસે આફતાબત લુ થયો (ઇઆને
સહવાર પડી) ને અશો જરથોસ્ત પાદશાહની દરબારમાં આવીને
તખ્તની આગળ બેઠો, તે વેળા તેને પાદશાહે એક કલાક સુધી
વાતચીત કીધા પછે કહયું કે અએ નામવર શંપૂર્ણ વિચારના
પેગંબર પાક ઇઅજદાંનો નજદીક માહારી ચાર મુરાદ છે. તે જો
તું પાકદાદાર પાસે માંગે અને તેમાં ખોદાતાલા મને ફતેહ આપે
તો ચોકશ તે તાહારી વખણાયલી અને ભલી દીનનો મોજેજો
ગણાશે. અને તાહારી વખાણમાં વધારો થશે. એ ચાર મુરાદ
મધેની એક એ હતી કે આ દુનીઆમાંથી ગુજરી જવા પછે

આખેરશ મહારૂં મકાન (તે જેહાંનમાં) કેવું છે તે મને આગમજ થી માલુમ પડે. બીજી મુરાદ એ હતી કે દીનનો ફેલાવો કરવામાં મને ઘણીએક લડાઇ કરવી પડશે. માટે મારૂં શરીર એવું બને કે દુશમનના જખમની મને ધાસ્તી રહે નહીં, તથા હથીઆરનો જખમ લાગે નહીં. ત્રીજી મુરાદ એ હતી કે દુનીઆમાં જે કાંઇ નેક તથા બદ થયું અને થશે તેની સઘલી કેફીઅતથી હું વાકેફ રહું. ચોથી મુરાદ એ હતી કે રીસ્તાખેજના વખત સુધી માહારૂં રવાન તનથી જુદુ નહીં પડે, એટલે કેઆમતવેર હું જીવતો રહું. પેગંબર જરથોસ્તે પાદશાહની એ વાત શાંભલીને તેને કહયું કે અએ પાદશાહ એ ચારે મુરાદ, પાક દાદાર, એકજ ધણીને નહીં બખશે. માટે એ ચારમાંની એક મુરાદ તું પસંદ કર અને બાકી ત્રણ, ત્રણ જુદા સખસને વાસ્તે માંગ કે હું તે પ્રમાણે પાક દાદારની પાસે ચાહું, અને તે કુદરતનો સાહેબ એ માહરાં માગવાંને કબુલ રાખશે.

પાદશાહે કહયું કે બેહેસ્તનું બુલંદ મકાન માહારે જોવાની તથા માહારા ગુજરયા છે. માહારો મુકામ કહી જગોપર થશે તે હું ખુલ્લી રીતે જોઉં, અને પેશોતન બેમરગ થાય તથા જવાંન અશપંદીઆરનુ દીલ કાંશાંનાં જેવું સખત બને અને માહારો વજીર તથા બેશ જેમાસ્પ સઘળી બનવાની વાતો જાણનારો થાય.

પાદશાહની એ મુરાદો પાક ઇઅજદાંથી ચાહાવાની પેગંબર જરથોસ્તે તેને કબુલત આપી, જેવારે સાંજ પડી, તે વારે અશો જરથોસ્ત તે જગોથી પોતાના મકાનની તરફ ગયો. ત્યાં પાક દાદાર ની બંદગી તથા એબાદત કરવામાં મશગુલ થયો. અને તે મુરાદના બખશનાર સાહેબથી પેલી પાદશાહે માંગેલી ચાર હાજેત ચાહાવા લાગો. અશો જરથોસ્તને તે બંદગી કરતાં ખોઆબ થયો. અને તે ખોઆબમાં પાક ખોદાતાલાએ અશો જરથોસ્તે ચાહેલી મોરાદો બખશાવાની તેને ચેતવણી આપી. જે વારે બામદાદ થઇ, ને પાદશાહ ગોશતાસ્પ તખ્ત ઉપર આવી બેઠો અને અશો જરથોસ્ત પણ આવી પોતાના તખ્ત ઉપર બેઠો. ને તેને થોડો વખત નહીં થયો એટલામાં પાદશાહના દરબાને આવીને શેહેનશાહને અરજ કરી કે દરવાજા આગળ ચાર સ્વારો સઘલાં હથીઆર સાથે બખતર પહેરેલા ઘણા કદાવર એકાએક આવી ઉભા છે,

પાક ઇઅજદાંનાં નુર તથા લડાઇના હથીઆરનાં કશમથી હુ કહું છું કે તેવા સ્વારો મેં કોઇ વેળાએ જોયા નથી. તેઓને જોતાજ મને ધાસ્તી પેદા થઇ. અને હું તરત આ મકાનમાં આવ્યો. તે વારે પાદશાહ અશો જરથોસ્તને પુછવા લાગો કે, તેઓ કોણ હશે, એટલામાં પેલા ચારે સ્વારો પાહાડની મીશાલે તમામ લીલો પોશાગ તથા સઘલાં હથીઆર અને ચલકાટ અને દબદબા સાથે ઉઠાવેલા નેજાથી પાદશાહની આગલ આવીને ઉભા. તેઓમાં એક બહમંન અમશાસ્પંદ, બીજો અરદી બેહેસ્ત અમ સારપદ ત્રીજો આદર ખોરદાદ અને ચોથો આદર ગોશસ્પ કરીને હતા, અને પાક દાદારે બેહેસ્તનાં મકાન તરફથી તેઓને મોકલ્યા હતા. તેઓએ પાદશાહ ગોશતાસ્પને કહયું કે હમે ચાર જણ પાક ઇઅજદ તરફથી પેગામ પોંહોંચાડનાર તરીકે તાહારી આગળ આવ્યા છૈએ. તે સાહેબે તુંને કહેવાડયું છે કે, મેં જરથોસ્તને માહારી તરફથી પેગંબર તરીકે મોકલ્યો છે. અને સઘલી ખલકને તેના હુકમ પ્રમાણે ચાલવાને મેં ફરમાવયું છે. માટે તેને તું ઘણી સારી રીતે રાખજે. તેની તરફ કોઇબી રીતે ધીકકારની નજરથી જોતો ના. તેનેથી ભલી દીનને તું કબુલ કરી તેના કાએદા કાનુન પ્રમાણે તું ચાલ જે, કે તાહારાં રવાનને દોજખની ઇજા નહીં ભોગવવી પડે. જરથોસ્તને વારંવાર તસ્દી આપી તારી જાતને તકશીરવાર ના કર. તેનેથી તારી મુરાદો હાંસલ થયા પછે. તેના હુકમને તાબે રેહેજે તે ફરેસ્તાઓથી આ બાબત સાંભળીને ખોદાઇ હેબતથી પાદશાહ ગોશતાસ્પની હોસીઆરી ગુમ થઇ અને તખત ઉપરથી પડી ગયો. થોડોએક વખતે તેને હોશીઆંરી આવીને કેહેવા લાગો કે અએ પાકપરવરદેગાર હું તાહારા સઘળા બંદાઓમાં સહુથી કમતર બંદો છું, અને મેં તાહારાં ફરમાન ઉપર કંમર બાંધેલી છે. આ જવાબ સાંભળીને પેલા ફરેસ્તાઓ તુરત પાછા ફરેઆ. આવેળાએ પાદશાહના તખત અગળ સઘલા લસ્કરી અમલદારોની ઠંઠ મળેલી હતી તેને આ બનાવથી ઘણી અચરતી લાગી હતી. પાદશાહ ગોશતાસ્પે તખત ઉપરથી ઉઠીને પેગંબર જરથોસ્તની નજદીક આવી તેની પાસે ઓજર ખોહાઇ કરીને કહેવા લાગો કે, મે માહારા જાનને તાહારાં ફરમાન નીચે સોંપ્યો છે. એટલે હું તાહારા હુકમને તાબે છું. ત્યારે પેગંબર જરથોસ્તે પાદશાહ ગોશતાસ્પને કહયું કે તું કાંઇ ફીકર ના કર, મેં તાહારી મુરાદો પાક

યજદાં પાસે ચાહી છે, અને તે મુરાદો બખશાવાને તે સાહેબે કબુલ રાખી છે, તે વીશે હું તુને ખુશ ખબરી આપું છું.

પછે અશો જરથોસ્તે એક બાજ ઇંજવાની તઇઆરી કરાવી, અને તે બાજના દરૂણ આગળ ચાર વસ્તુ મેલી, તેમાં શરાબ, દુધ, ફુલ, અને દાડમ હતું. તે બુજોરગ પેગંબરે અવસ્તાના કલામો પઢીને તે વસ્તુઓને ઇંજી. અને તે ઇંજેલી વસ્તુઓ મધેથી પાદશાહને દારૂ પીવા ફરમાવ્યો, તે પીધાથી પાદશાહ તુરત સુઇ ગયો. અને ત્રણ દાહાડા સુધી તેજ હાલતમાં રહયો અને તે ઇઅજદાં પરસ્ત પાદશાહનું રૂહ મીનોઇ જેહાંન તરફ ગયું. ત્યાં તેણે સઘલાં નેક તથા અશો લોકોનો દરજજો તથા તેઓનાં સઘલી ખુબી સાથનાં મકાંનો અને તે વગેરે બીજી ઘણીએક અચરની ભરેલી ચીજો પોતાની નજરે જોઇ. અને તેનું પોતાનું મકાન ત્યાં કેવી તરેહનું છે, તે પણ તેણે જોયું. પેગંબર જરથોસ્તે પેલું ઇંજેલું દુધ પેશોતનને પાયું, તે પીધાથી તે શાહાજાદો બેમરગી પામ્યો. (ઇઆને અમર થયો. દા. ના. ગાંધી) અને પેલું ઇંજેલું ફુલ જામાસ્પને આપ્યું. તે સુંઘ્યાથી તે સઘલા એલમોથી વાકેફ થયો, તથા રીસ્તા ખેજ સુધી બનવાના સઘળા એહેવાલ તેની નજર આગલ ખુલ્લા થઇ પડયા. પેલુ ઇંજેલું દાડમ પેગંબરે અશફંદીઆરને આપ્યું, તે ખાધાથી તે પેહેલવાનનું બદન કાંસાના જેવું શખત થયું, જે ઉપર કોઇથી હથીઆરનો જખમ અશર થઇ શકતો નહીં હતો, એટલાજ ઉપરથી તેને સરવે લોક રોઇનતંન અશફંદીઆરને નામે ઓળખતા હતા. જેવારે પાદશાહ ગોશતાસ્પ પેલા ખેઆબથી બીદાર થાયો, તેવારે પોતાનું સર ખાકમાં મેલીને કુદરતના સાહેબ પાકદાદાર નીશેતાએશ કરી કહેવા લાગો કે, અએ રહેનુમાઇના કરનાર પાક ઇઅજદાં ખરે અને બે—મીશાલ પાદશાહ તું પોતે છે, તાહારી પાદશાહીને કદી જવાલ નથી. એ પછે પાદશાહે સઘળો એહેવાલ પેગંબર જરથોસ્તને કહી શંભલાવ્યો અને સઘલાંઓને પેગંબર જરથોસ્તથી ભલીદીન કબુલ કરવાને ફરમાવ્યું, તેવાર પછે પાદશાહે તખત ઉપર બેશી અવસ્તા અને તેના અરથોની પુરતી રીતે વાકેફકારી મેળવવા સારૂ અશો જરથોસ્તને એલતે-માસ કીધી. અને તે પેગંબરને કહયું કે હું તે અવસ્તા ઉપર પુરતો વીશવાસ રાખું છું. તે ઉપરથી અશો જરથોસ્તને ખુશી ઉપજી અને તેણે તેજ વેળા પાક યજદાનું નામ

લઇ અવસ્તાનાં દફતરને ઉઘાડી, તે મધેથી કેટલીએક ફ્રશલો પાદશાહ ગોશતારપને તેના અરથો સાથ વાંચી સંભલાવી. તે સાંભલ્યાથી બદકાર લોકોએ ઘણી હાર ખાધી (એટલે પાપી કરમોને જલદીથી દુર કીધાં)એ પછે પેગંબરે પાદશાહને આતશ ખાના બનાવવાને કહયું. તે તેણે દરેક ઠેકાણે સારા ઉમદા બનાવ્યાં, અને તેની જાલવણી તથા માવજતને વાસ્તે હુશીઆર મોબેદો, તથા આતશખાનાના ખરચને શારૂ જાગીરો મુકરર કરી.

શેહેનેશાહ ગોશતાસ્પે પેગંબર અશો જરથોસ્તની માજદીઅશની દીન કબુલ કીધા પછે, તે પાદશાહની હયાતીમાં ૫૭ વરશે, પૃથ્વીના મોટા ભાગ ઉપર ભલી દીનનો ફેલાવો થયો હતો. અને તે પાદશાહના હુકમથી, જરીર, અશફંદીઆર, ફરસોસ્તર, તથા જામાસ્પે બીજાં શેહેરોમાં ફેલાવો કીધો હતો, તે વીશે દીનકરદ કીતાબના પાંચમાં તથા સાતમાં દફતર મધે ખુલાશો આવેલો છે.

જરથોસ્તી દીનનો ફેલાવો ઇરાનમાં થયલો શાંભળી ચીનથી તુંતી આનુશબામનો એક માહા વિદ્વાન અને હિંદુસ્થાનથી ચંગર ગાહચ નામનો કાબેલ બ્રાહમણ અને બ્યાશ નામના નામીચા ઉસ્તાદો, અને એ શીવાએ બીજા ઘણાએક વિદવાનો અને હકીમો, અશો જરથોસ્તની સાથે દાનાઇ અને એલંમની તકરાર કરવાને, અને તેનાથી પેગંબરી દલીલો જાણવાને ઇરાન દેશ ખાતેના શેહેન શાહ ગોશતાસ્પના બલખ શેહેરમાં આવ્યા હતા. તેઓ આખરે ફાવ્યા નહીં. અને જે જે તકરારો અને શવાલો કહાડવાના હતા તે તેઓને, પેગંબર જરથોસ્તે દાનાઇ ભરેલી રીતે, તેમના બોલ્યા આગમજથી, અવસ્તા કલામો મધેથી કહી આપ્યા. તેથી સેવટે આજેજ થઇ તેઓ સધળાએ દીલોજાનથી, એ પાક પેગંબરની દીન કબુલ કીધી. અને પોતાના દેશમાં તેનો ફેલાવો કીધો. તે વીશે દશાતીર મધેની પેગંબર જરથોસ્તની પોથીમાં શાશાનેપંજુમે જે ખુલાશો પસાર કર્યો છે તેથી હકીકત રોશન થશે.

અશો જરથોસ્ત ૭૭ વરશની ઉમર પુરી થયા પછે ઇઠોતરેમે વરસે આ ફાની દુનીઆમાંથી ગુજરી ગયો. એ સાહેબનાં ગુજરવાનો સબબ એ બન્યો કે જે વેળા પાદશાહ ગોસ્તાસ્પ બીજા ઇરાંની પેહેલવાનો સાથે જાબુલસ્તાન ખાતે જેહાં પહેલવાન રૂસ્તમને ત્યાં ગયો હતો, તે વખતમાં નવતરૂ જોઇને તુરાનનો

પાદશાહ અરજાંસ્પ મોટાં લશ્કર સાથે બલખ શેહેર ઉપર ચહડી આવ્યો. તે વારે તેની લડાઇમાં પાદશાહ લોહેરાસ્પ (ગુસ્તાસ્પનો બાપ) તથા બીજા ઇરાંની પેહેલવાનો અને ઘણાએક દીનદાર સખસો મારેઆ ગયા. તે વખતે તુરબરાતુર નાચનો અરજાંસ્પના લશ્કરમાંનો એક શપેહશાલાર આતશ બેહેરામ સાહેબની દરગાહમાં દાખલ થયો અને તેણે પેગંબર સાહેબ અશો જરથોસ્તને હથીઆરનો એક જખમ કીધો. તે નાપાકના જખમથી, રોજ ૧૧મો માહે ૧૦ માને દીને અશો જરથોસ્તનું પવીત્ર રૂહ તેના ખાકી બદનમાંથી નીકળીને રોશન ગરોશમાન બેહેસ્તની તરફ કુચ કરી ગયું. જે વખત અશો જરથોસ્તના ઉપર પેલા તુર બરાતુરે હથીઆરનો જખમ કીધો, તે વેળા આપણા પેગંબરના હાથમાં એક ચમતકારીક તશબી હતી તે તશબી અશો જરથોસ્તે પેલા તુરકી સરદારની તરફ ફેંકી. તેની અજમતી રોશનીથી પેલો તુરકી તેજ વળા જમીન ઉપર પડી મરણ પામ્યો. ઉપલી બીના મુજબ પેગંબર જરથોસ્ત આ દુનીઆથી ગુજરી જશે, અને આ કેબત પાદશાહ ગોસ્તાસ્ત અરજેસ્પનાં લશ્કર ઉપર ફતેહ મેળવશે, તે બાબતની અગમચેતી પેગંબર જરથોસ્તે આલમના લોકોને કહી શંભલાવી હતી. અને તે વીશે દીનકરદ કેતાબનાં પાંચમાં દફતરમાં જે હકીકત જણાવ્યામાં આવીકે તેનો તરજુમો આ રીતે છે કે – જરથોસ્તે કહી શંભલાવેલી ઘણીએક ઉતમ ભવીશ વાતોમાં, તુરાનનો પાદશાહ અરજાસ્પ અને બીજા બે સુમાર જુદદીન દુશમનોનાં લશ્કર ઉપર બુજેરગ પાદશાહ ગોસ્તાસ્પ તથા ઇરાંની લોકની ફતેહ કેમ થસે, અને ગોસ્તાસ્પની કીરતી બીજા પાદશાહો ઉપર શી રીતે વધશે, તથા તુર બરાતુરથી અશો જરથોસ્તને પોતાને આ જેહાંનમાંથી ગુજરયુ થશે, એ વીશેનો વીગતવાર એહેવાલ તે અશો જરથોસ્તે અગંમચેતી દાખલ કહી શંભલાવ્યો હતો.

જરથોસ્તી મજહબનું પુરાતનપણું તથા ખુબી.

પારશીઓના પુરાતન વડીલો ચાલુજ રીતે સનેની નોંધ બીલકુલ રાખતાજ નહીં હતા. દરેક પારશી પાદશાહ તખતે બેસતાંજ પોતાનો નવો શને ગણુવા ચાલુ કરાવતો હતો. અને પાછલો જુનો શને રદ કરાવતો હતો,

ખીલા રોકા હરફની શોધ ફ્રેન્ચ અને જરમન વિદ્યાર્થીઓએ ખચીતી સન ૧૮૦૦ની સદીમાં કીધી. તેમાં પારશીઓ હખમઇની અન (એકમીનીશ) વંશ વીશેનો હેવાલ જાહેર કરી, એજ વંશ વીશે યુનાની ગ્રંથકારોએ જણાવેલો એ હેવાલ તે સાથ એક મલતો બતાવી આપ્યો છે. એજ એકીમીનીશ વંશની ત્વારીખ જે શાહાનામાંમાં આવવીજ જોઇએ તે આવી નથી. તેમાં ફીરદોશીએ ભુલ અથવા ગફલતજ કીધી છે. (એ ભુલથી નહીં, પણ કદાચ શીકંદરની ઇરાન ઉપર ફતેહ થયા પછી તેના વારસોમાં રાજ્ય કેટલીક મુદત સુધી રહેલું તેને ઇરાનીઓમાં નહીં ગણતાં બાતલ કર્યું હોય એમ લાગે છે. દા. ના. ગાંધી)

જે તેણે કયાંની અને પેશદાદી વંશો વીશે જણાવ્યું છે તે અવસ્તા સાથે થોડું ઘણું મલતું ઉતરે છે. તેમજ વલી હિંદુઓના પુરાતન વેદોમાંથી બી પેશદાદી અને કયાંની પાદશાહોના નામો અને તેઓનાં માહાભારત કામોની નોંધ મલી આવે છે. તેથી શાબેત થઇ ચુકું છે કે કયાંની વંશનો કેખશરૂ તે હખમઇનીઅંન વંશનો શાઇરશ (કુરૂશ) નહીં. તેમજ કયાંની વંશનો ગુશતાસ્પ (જેનાં રાજ્યમાં જરથોસ્ત થઇ ગયો) તે હખમઇનીઅંન વંશનો દારાએશ હીસ્તાસ્પીસ નહીં. એ નામોજ ફકત એક બીજાને (જરા) મલતાં ઉતરે છે. પણ તેઓનો તદન જુદાજ પુરૂશો જુદા જુદા વખતે (તેમજ પેહેલો પાછલા કરતાં ઘણોજ અગાઉ) થઇ ગયા છે. એ જબરી ભુલ થવાનો શબબ એ બન્યો કે પારશીઓન ધરંમ અને ધરંમ પુસ્તકોની શોધ વીશે પેહેલ વેહેલી ઉશકેરણી કરનાર અને શોખ ધરાવનાર ડાકટર હાઈડે જબરી મફલતી કરી. ફીરદોશીએ જણાવેલા કયાંની વંશના ગુસ્તાસ્પને યુનાની ગ્રંથકાર હીરોડોટશે લખેલા એકીમીનીસ વંશના દારાએશ હીસ્તાસ્પીસની સાથે એકજ ગણી ભુલથી જોડી નાખ્યો. તે એવું સમજીને કે હીરોડોટશે લખેલાં એ રાજવંશને વીશે ફીરોદોશીએ કશુંબી જણાવ્યું નથી. (એ ફીરોદોશીએ ભુલથી નહીં, પણ કદાચ એકીમીનીઅંન વંશને ઇરાંની અસલ વંશનો નહીં ગણી તેને ત્વારીખમાંથી અલગ રાખ્યો હોય. દા. ના. ગાંધી) વલી હીસ્તાસ્પીસ અને ગુસ્તાસ્પ એ નામનો ઉચ્ચાર મળતો આવવાથી બીજા ગ્રંથકારોએ પણ ભુલાવો ખાઇ એ બંન્નો સખસને એકજ ગણવામાં ટેકો આપ્યો છે. પણ હાલ હવે ચોકસ રીતે જણાયુ

અને નક્કી નીવેડો આવી ચુકો છે કે હીરદોશીએ ચોકશ જગોએ ગફલતીથી ભુલ (ભુલ નહીં પણ ઉપર બતાવેલું કારણ હશે. દા. ના. ગાંધી) કીધી છે ખરી પણ તેથી તેની આખી તવારીખ ને ખોટી ગણવી નહીં જોઇએ.

યાહુદી ધરંમ કરતાં જરથોસ્તી ધરમ ઘણોજ કદીમ છે. હુરમીપ્સ લખી ગયો છે કે યાહુદીઓનો પેગંબર મુશા તથા જાનીશ અને લોટોપીઆ એઓએ જાદુઇ (દીન) પેદાકીધી હતી, તેઓ બધાઓની ઘણાજ **હજારો વરશ અગાઉ જરથોસ્ત થઇ ગયો છે.** વળી પ્લીની ચોકસ અને ખાત્રી ભરી રીતે **જરથોસ્તને મુશાના જમાનાની હજારો વરશ અગાઉ થઈ ગયલો** જણાવે છે. ડાકટર મોરટીન હાઉગ પોતાના એસેસને સફે ૧૨૮ મે જણાવે છે કે યાહુદીઓના પવિત્ર ભણતરની જુનામાં જુની મુદત મુશાના વખત (ઇ. સ. પુ. ૧૩૦૦–૧૫૦૦) થી શરૂ થયલી ગણાય છે. તે તેઓનું તાલમંદ પુસ્તક પુરૂં થવાના વખત (ઇ. સ. ૯૬૦) સુધી જેમાં આસરે ૨૪૦૦ વરશોની મુદત આવી છે. હવે એવીજ ગણતરી જરથોસ્તી ધરમ પુસ્કતકોને લગાડીએ તો તેઓની પુરાતન મુદત ઘણીજ લાંબી છેક **ઇ. સ. પુ. ૨૮૦૦ (આજ ૪૬૦૧ વરસો)** ઉપર મેલી શકાય છે. એ દલીલો ઉપરથી હવે ચોકશ રીતે સાબેત થઇ ચુકુ છે કે–યાહુદીઓના તેમજ બીજા સઘળા ધરમો કરતાં જરથોસ્તી ધરમ અસલ, નરો, અને ખરો છે.

પુરાતન એરીઅનો બધી કોમના વડીલ છે.

હાલ યૂરોપખંડમાં બે નામીચા એલમો જણાયા છે તેઓની મદદથી એરીઅનો (પારશીઓના અસલ વડીલો) સઘળી જાતના પ્રમુખો ઠરે છે. એ એલમો માહેલો પેહેલો "એથનોલોજી" તે આ દુનીઆંના શઘલી જાતના લોકોનાં બદનની અને મગજની બાંધણીની તપાસ કરી દરેક જાતના લોકો અસલ કયા ટોલામાંથી નીકળ્યાં, તે અને તે ટોલાનો મુલક અસલ કયો હતો, તે વીશેની ખાત્રી કરી આપનારો છે. અને બીજો એલમ "કંપેરેટીવ ફીલોલોજી"નો છે, જે આ દુનીઆમાં વસનારાં સઘલાં મનુષ્ય જાતની જુદી જુદી ભાષાઓની મુલ બાંધણીની અને વ્યાકરણની રીતીની

પુરતી તપાસ લઇ, તે ભાષાઓ અસલ કયા મુલકમાંથી નીકલી તેને સાબેત પતો આપણુને મેલવી આપે છે. એ બે એલમોની મતલબ માણુસોની મુલ ઓલાદનો પતો મેળવવાની છે. તેઓથી હવે સાબેત થાય છે કે ઇરાન સર જમીનના ઉત્તર ભાગમાં માનવી જાતનો મુખ્ય ટોલો વસ્તો હતો. બ્યાકરણુના કાએદાથી તપાસ લેતાં સઘળી ભાષા એકલી અને એકજ "એરીઅન" ભાષામાં એટલે પુરાતન પારશી ભાષામાંથીજ નીકલેલી છે. અને જંદ, સંશકિત, ગ્રીક, લાટીન સ્લેવોનીક, ગોથીક, ફારસી, અંગ્રેજી ન્ચ, ઇટાલીઅન, પોરટુગીચ, સ્પેનીસ, હિંદુસ્તાની, ગુજરાતી,, મરાઠી. અને બીજી સઘળી ભાષાઓ એકજ "એરીઅંન" અસલ મુલ ભાષામાંથીજ નીકલેલીઓ હવે સાબેત થઇ ચુકી છે પારશીઓના પુરાતન વડીલો તે એરીઅનો સઘલી રીતે સુધરેલા હતા. તેઓ આજ બધી વરણોના નેઆગાનો ઠરે છે.

યૂરોપીઅનો અને હિંદુઓના વડીલ એરીઅન છે.

વંદીદાદની પેહેલી પરગરદ માંહેલી બાબત સાથ હિંદુઓના રીગવેદનાં પેહેલાં પ્રકરણુની બીના મલતી ઉતરે છે. કેમકે અસલ હીંદુઓના વડીલો એરીઅનો હતા. એ હાલ સઘળી તરફથી ચોકસ થઇ ચુકું છે. હિંદુઓ અસલ એકજ ખુદાને માનતા હતા, માંસ ખાતા હતા, સરાબ નોશ કરતા હતા, પણુ જયારથી તેઓને પારશીઓના વડીલો સાથ ધરમ સંબંધી ખટપટ થઇ ત્યારથી તેઓ માજદીઅશનાની લોકોમાં ચાલતા રીવાજો અને રશમોની વીરૂધ જવા લાગા. અને આજ શબબથી તેઓ હિંદુસ્તાનની સરહદ તરફ આવી પુગવા પછે ઘણા ખુદાઓને માનવા લાગા, મુરતી પુંજા કરવા લાગા, ભાજી તરકારી ખાવા લાગા અને દારૂને નાપસંદ કરવા લાગા. વંદીદાદની પેહેલી પરગરદમાં જણાવ્યા પ્રમાણે એરીઅન લોકોના અસલ મુલક એરીઅન (ઇરાન વગેરે)માં ૧૦ મહીના શીઆલો અને બે મહીના ઉનાળો પડતો હતો. એ ઉપરથી તે જગો કરકડતી ઠંડીવાલી હતી એવું સાફ જણાય છે. અને તે મુલક ઉત્તર ધ્રુવ તરફ આવવો જોઇએ કે જ્યાં હાલ જમાના પ્રમાણે નહીં પણ પુરાતન જમાનામાં માનવીની વસ્તી હોવીજ જોઇએ. એ અટકલ ડોકટર રીટરની હાલની શોધો ઉપરથી ઘણું કરીને શાબેત થઇ શકે છે. હવે

ઇરાનવેજમાં ઘણી કડકડતી ઠંડી પડવાથી ત્યાં નહીંજ વશી શકાય એવું બનવાથી અને વળી ત્યાં ધરતીકંપો થવાથી અને એવાજ બીજા કુદરતી બનાવોની અડચણો નડવાથી (બરાન બુનસનનાં જણાવવા પ્રમાણે ઇ. સ. પુ. ૧૦૦૦૦માં) એરીઅનો ત્યાંથી આસ્તે આસ્તે ઘણા દક્ષિણ તરફના ૧૬ મુલકોમાં ઉતરી પડયા હતા. તે ૧લાં ઇરાંનવેજ (અએરીઅન વએજો)થી તે છેક ૧૬ માં, હપ્ત હિંદુ અથવા સપ્ત સિંધવસ એટલે **પંજાબ** અને તેની વચ્ચેના મુલકો સુધી. એ મુલકો તેઓ એક પાછળ એક બદલતા આવ્યા હતા. એ વખતે અસલ પારશીઓના નેઆગાનો અને તેઓમાંથી છુટા પડી બનેલા હિંદુઓમાં માંહો માંહે રીત રશમ સંબંધી અને હિંદુઓની બીજી ઘણીક આડી ચાલ ખાતર વારે ઘડીએ મારામાર અને ફુટફાટ થતી ચાલી હતી. એ ૧૬ શહેરોમાં ઓલંગી આવતાં ૧૨માં શેહેર રઘામાં આવ્યા ત્યાં સુધી અવસ્તામાં જણાવ્યા પ્રમાણે પારશીઓ- હિંદુઓ, યૂરોપીઅનો અને બીજી કોમોના વડીલો એકદીલ, એકસંપ, એક મત, એકવિચાર અને એકધરમ પ્રમાણે ચાલનારા હતા, અને એકજ એરીઅન ટોલાના લોકો ગણાતા હતા; પણ હવેથી એ રઘા શેહેરમાંજ ફુટફાટ થવે છુટા પડી ગયા, પહેલા પારશી બીજા યુરોપીઅન, ૩ જા હિંદુઓ; જેની નીશાની બતાવવાને એ શેહેરને “થરી ઝંતુ” એટલે ત્રણ ટોલાવાળો મુલક કરીને જણાવ્યું છે.

અહીંઆ એક ખુદાને માનવાનો ઇઅજદાં પરસ્તી ધરંમ કબુલ રાખવા પુશકલ લોકોએ ના પાડયું હતું. એ સબબથી અત્યાર લગી એકજ ગણાતો એરીઅન ટોલો એવી ધરમ સંબંધી મોટી રકજક અને ફુટફાટ થવે હવેથી ૩ મુખ્ય જુદા જુદા જબરા ટોળાઓમાં વેહેંચાઇ ગયો. એ વખતે મુળ પારશી એરીઅનો અને પાછલથી બનેલા હિંદુ એરીઅનોમાં જબરો મીનાકેશો થયો હતો. ખરો **પણ તેઓ સાથેજ વસેલા** એમ લાગે છે. **પણ યુરોપીઅન, એરીઅનો** તે વખતે તેઓથી તદનજ છુટા પડી જઇ કેશપીઅન સમુદ્ર ઓળંગી કોકેશસના પહાડોની કટારો પસાર કરી ઉત્તર યૂનાનમાં થઇ, ડાન્યુબ નદી વટાવી જરમનીમાં દાખલ થયલા હતા, એવી રીતે અસલ એરીઅનો પહેલવેહેલાં યૂરોપખંડ

માં દાખલ થયલા લાગે છે. એ વખત બારનખુનસન છ. સ. પુ. ૮૦૦૦ નો જણાવે છે.

પારશી એરીઅનોથી હિંદુ એરીઅનો છુટા પડયા, તે હપ્તહિંદુ (પંજાબ) તરફ ઈ. સ. પુ. ૫૦૦૦ વરસને આસરે, એ પ્રમાણે અસલ એકજ એરીઅનોમાંથી (પારશી ટોળામાંથી) પાછળથી છુંટા પડેલા લોકોમાંથી યૂરોપખંડની કોમો, હિંદુંઓની અગણીત સંખ્યાવાળી ઘણીક નાતો અને બીજી પુશકળ જાતો હાલ બની છે. (પારશી એરીઅનોથી હિંદુ એરીઅનો પાદશાહ જમસેદના વખતમાં કે તે અરશામાં છુટા પડયા હશેં એમ લાગે છે. દા. ના. ગાંધી)

આદમ જાતની પેદાએશનો ગણાતો સને ઘણો કમતી છે.

આપણી દુનીઆં અને માનવી જાતને પેદા થવાનો સને યાહુદી લોકોના ધરંમ પુસ્તકોમાં ઇસ્વી. પુ. ૪૦૦૪ નો જણાવે છે. અને તે અગાઉ મનુષ્યની પેદાશ નહીં થયલી લખી છે એ વીચાર યૂરોપખંડના મોટા ભાગમાં ચોકશ ગણાવા લાગો છે. પણ એ સને તદન ખોટો અને ભુલભરેલો છે, એવું હાલની નવી પુરપતીજથી પક્કી રીતે પુરવાર થઇ ચુકુ છે. આપણી દુનીઆની પહાડી સપાટી નહીં પણ ફક્ત સાધારણ સપાટીવાળી જમીનના પોપડાની જાડાઇની ગણુતરીનો ભરૂચના શાસ્ત્રીઓએ આ જમીનની બનાવટનાં પડો ખુબ તપાસી જોઇ ૯-૧૦--૧૨ માઇલ સુધીની જાડાઇનો અટકલો કાહાડી જણાવ્યું છે કે એટલી જાડાઇના પોપડાને બનતાં કાંઇ લાખો વરસો થવાં જોઇએ. (ખુદાની કુદરત ન્યારી છે. તે ચાહે તે એક પલમાં કરી શકે. દા. ના: ગાંધી) આ જગતમાં માણુસ જાતની હયાતીની નીશાન વીશે ડા. **લાઈલ પોતાની એલીમેન્ટસ આફ જીઓલોજીમાં** ખાતરી **ભરી રીતે આજ આસરે કમતીમાં કમતી ૧૨૦૦૦ વરસોની જણાવી જાય છે. ત્યારે બીજો એક ભરૂચના શાસ્ત્રી ડાકટર ડોની અલ વીલ્સ આ દુનીઆમાં માણુસ જાતની પેદાએસ ૫૭૦૦૦**

વરસો ઉપર ચયલી જણાવે છે. એમ માણુસ અને દુનીઆને સને ઘણો લાંબો જાય છે.

મુલ એરીઅનોનાં નામ નીસાન બધે મળી આવે છે

મુલ એરીઅન (પારશી) ટોલામાંથી ઉપર જણાવ્યા પ્રમાણે છુટા પડયા પછેબી, યૂરાપીઅન, હિંદુ, અને બીજી જુદી જુદી કોમોએ અતીશે દુરના મુલકો વસાવ્યા હતા તો પણ તેઓએ પોતાની અસલ ઓલખ એરીઅન મુળ ઉપરથીજ ચાલુ રાખી હતી. એવી નીશાનીઓ હાલ તપાસ લેતાં સઘળે ઠેકાણે મળી આવે છે.

પુરાતન એરીઅનો ખુદા પરસ્ત હતા

જરથોસ્ત પેગંબરને પેદા થવાની અગાઉના એરીઅનો ખુ॰ પરસ્ત હતા. તેઓ દીન-ઇ-એહે એટલે પાક દીન માનનાર હતા. માજદીઅશનાની ધરમ જરથોસ્તી દીન ફેલાવો પામી તે વખતની અગાઉની બનેલી હતી. માજદીઅશનાનો આતશનો ફક્ત કેબલો કરતા હતા. તેઓનું મુખ્ય આતશખાનું (આતશ બહેરાંમ) બલખ તરફ હતું. બાકીનાં ઘણુંક ઉતરતાંબી હતાં. પાદશાહ હુશંગના વખતમાં આતશનો કેબલો કરવાની પેહેલ નીકળી હતી.

પેગંબર જરથોસ્ત વીશે ખુલાશો.

જરથોસ્ત નામના ૮ પુરૂષો જુદે જુદે વખતે જુદા જુદા શેહેરો અને જમાનામાં થઇ ગયલા જણાવેલા છે.

૧ લો જરથોસ્ત બાકટ્રીઆનો (એજ આપણો ખરો પેગંબર છે). ૨ જો મીડીઆનો, ૩ જો ખાલડીઆનો, ૪ થો પરશો મીડીઆનો, ૫ પાંચમો ઇરાનનો, ૬ ઠો આરમીનીઆનો, ૭મો પેમફીલીઆનો. ૮ મો પરોકોનેશસનો, એમ જુદા જુદા હેવાલો ઉપરથી જણાય છે. એ સઘળાં શેહેરોમાં જરથોસ્તી ધરંમ ફેલા ચલો હતો. (જુઓ ડીક્સનેરી ઓફ ગ્રીક એન્ડ રોમન બાયોગ્રાફી

અરાફી. ઇતી પુ. ૩ સફે ૧૧૩૩) અવસ્તાએ જંદમાં જણા વેલો જરથોસ્ત તે જરથોસ્ત સપીતંમ એજ આપણો બરહક પેગંબર છે. બાકીના બીજા જરથોસ્તો તેઓ દસ્તુરન દસ્તુર જેઓ એક પછી એક જરથોસ્તની ગાદી ઉપર બેશી ગયા, તેઓ "જરથોસ્તરો તમો" એવા નામથી અથવા એલકાબથી ઓલખાતા હતા. જેઓએબી જરથોસ્તી ધરમને લગતાં ઘણાક પુસ્તકો લખ્યાં હતાં.

જરથોસ્ત સપીતંમનો સને.

એ સનેની મુદત હાલની શોધો ઉપરથી ઇ. સ. પુ. ૩૫૦૦ થી તે ૪૨૦૦ સુધી ભરૂશો રાખવા જોગ રીતે સાબેત વીચરાઇ છે પણ બીજી તરફથી ઘણાક પંકાયલા ગ્રંથકારો તથા પ્રોફેસર સ્પીગલ એ સનેનો વખત ઇ. સ. પુ. ૬૦૦૦ ઉપર નકકી ઠેરવી જાય છે. (પેહેલો અડસટો કાંઇક ખરો લાગેછે અને મી. ડો. બે, બસલા જે ઇ. સ. પુ. ૨૫૩૫ નો બતાવે છે તે વાધારે ખરો લાગે છે દા. ના. ગાંધી)

પેગંબર જરથોસ્ત વીશે ટુંક ત્વારીખ.

જરથોસ્ત સપીતંમ, પારશીઓનાં સઘળાં ધરંમ લખાણે પ્રમાણે તેમજ જંદ અવસ્તામાં જણાવેલા પાદશાહ વીસ્તારપ અથવા ગુસ્તારપ (પાછલા ઇરાંનીઓએ લખેલો) ના રાજમાં થઇ ગયો. એ ગુસ્તારપ વીશે હાલ જમાનાંના લખનારાઓ ભુલથી એવું જણાવે છે કે એજ દારાએશ હીસ્તાસપીસ હતો. એવું ખોટુ મત હાઇડ અને પ્રીડો એઓએ બાંધ્યું હતું. તે ફકત એટલાજ ઉપરથી કે એ બેઉ જુદાં જુદાં નામો એક બીજાને મલતાં આવતા જણાયાં હતાં. હવે પાદશાહ ગુસ્તારપ (વીસ્તાપયા) જેનાં વખતમાં જરથોસ્ત થઇ ગયો તેનો બાપ અવસ્તામાં જણાવ્યા પ્રમાણે એરાવીસ્તાસ્ના (લાહોરાસ્પ) પાદશાહ હતો, જે કાવાની અને એજ નામ ઉપરથી પાછલથી ઓલખાયલાં કયાની વંશનો હતો. એ વંશના પાદશાહો સઘળા

જરથોસ્તી અને મીડીઅન પાદશાહોના કરતાંબી ઘણુાજ પુરાતન મુદતમાં ઉગમણા ઇરાનમાં અને મુખ્ય કરીને બેકટ્રીઆમાં હાકમી ભોગવી ગયા હતા, એવું જંદ અવસ્તામાં જણાવેલું છે. પણ દારાએશનના બાપ હીસ્તાસ્પીસે તો કદી પાદશાહી કીધીજ નથી. એ ઉપરથી એ બેઉ પુરૂશો તદનજ જુદા જુદા સાબેત થઇ ચુકા છે. એ બેઉમાં ગુસ્તાસ્પનો જમાનો ઘણોજ આગળ જવે જરથોસ્તી ધરંમનું પુરાતનપણુંબી ઘણુંજ કદીમ ગણાયું છે. વળી આ બી ચોકશ રીતે સાબેત થઇ ચુકુ છે કે જરથોસ્તે પોતાનો ધરંમ પેહેલ વહેલો ઇરાનમાં નહીં પણ તે ત્યાં ફેલાયો તેની ઘણોજ અગાઉથી અસલ બેકટ્રીઆમાં ફેલાયો હતો અને ત્યાંથી પછે ઇરાનમાં અને ઉગમણ તરફ ફેલાતો ગયો હતો. જરથોસ્ત સપીતમ સઘળા પરજાત પેગંબરોની અગાઉ થઇ ગયો તે આપણે ઉપર સાબેત કરી ચુકા છીએ. એ પેગંબરનો હેવાલ ઘણાજ પુરાતપણાને લીધે જેમ ઘણું કરીને ગુચવાડામાં રહી ગયો છે. તેમજ તેની જન્મ ભુમી સાબેત થવાબી રહી ગયો છે. એ જગાને આપણે સાધારણ રીતે રએ શેહેર વીચારીએ છીએ. પણ એ વીચારને અવસ્તાથી કશો ટેકો મળતો નથી. એ વીશે **ડાકટર હાઉગ પોતાના એસેસને સફે ૨૫૩ માં જણાવે છે** કે જરથોસ્તનું ઘર બેકટ્રીઆમાં હોવું જોઇએ. કે જે જગાને ગાંથાઓમાં બારેકદાહા **આરમાઇતી** કરીં કહે છે. એજ નામનો ઉચ્ચાર વંદીદાદમાં બગડ્યા રીતે **બાખડી** કરી જણાવેછે. એ પેગંબરનો બાપ પોઉરૂસસ્પ તે પાદશાહ ફરેદુનની ઓલાદનો હતો. જરથોસ્તની મા દોગદો નામની હતી. એ પગંબરનું ખાનદાન સપીતમ નામથી તેમજ હએચેત અસ્પની ઓલખથી બી જણાયું હતું. જરથોસ્ત, શાહનશાહ ગુસ્તાસ્પની દરબારમાં પોતાની ૩૦ વરસની ઉમરે ધરંમ પેગામ લઇ ગયો હતો. એ પેગંબરની એક બાએડી, ૩ બેટીઓ, અને ૩ બેટા હતા.

જરથોસ્તના ૨૦૦ સાગરેડો હતા. જેનાં નામો ફરૂઅરદીન યઅસ્તમાં જણાવેલાં છે, તેઓ શીવાએ બીજાં ઘણાંક ખાનદાની પુરૂશોના નામોબી જણાવેલાં છે. **ઉલીઅમ સ્મીથ એલ. એલ. ડી.** પોતાના પુસ્તક **"ડીકશેનરી ઓફ ગ્રીક એન્ડ રોમન બાએઓગ્રાફી"** ઇતી. ને સફે. ૧૩૩૩ માં લખે છે કે "જરથોસ્તે જણાવેલી ખરેખરી અગમચેતીઓનો મોટો સંગ્રહ હજુ

લગી જાણીતો ચાલુજ રહયો છે. હાલના વખતમાં એ પુરાતન ભવીશ વાણીઓને જો બનાવટ ભરી ગણવા કશીબી તકરાર ચલાવીએ તો તેને કાબેલો ખચીત હશી નાંખે ”

જરથોસ્તી ધરંમ કીતાબો.

જરથોસ્તના ધરંમ લખાણોને જંદ અવસ્તાના નામથી જણાવવું અસુધ છે. બરાબર બોલવું અવસ્તા જંદ કરી છે. એવી રૂપનો બોલ પેહેલવી કીતાબોમાં હંમેશાં વાપરેલો છે. એ બોલ અવસ્તા-ઉ-જંદ ઉપરથી જાવત થયલો છે. જેનો અર્થ અવસ્તા અને જંદ એટલે મુલગ્રંથ અને તેનો ખુલાશો કરી થાય છે. ખુદ અવસ્તા વાણીમાં એ બોલને આવેસ્તા કરી લખ્યો છે. પેહેલવીમાં આપીસ્તાક કરી જણાગ્યો છે. એ ઉપરથી પાછલી સંસકૃત ભાષામાં પસ્તાક એટલે કીતાબ જણાવ્યું છે. જરથોસ્તના પવિત્ર ધરમ ફરમાનો ને અવસ્તા છે. તેની શરેહ અથવા ખુલાશો તે જંદ છે અને તે ખુલાશાનો વધુ ખુલાશો તે પાજંદ છે. પારસીઓનાં ધરંમ લખાણો પુશકલ હતાં પણ તેઓમાં હાલ જબરી ખુટ પડી છે. **પ્લીની** જણાવી ગયો છે કે જરથોસ્તે ૨૦૦૦૦૦૦ ધરંમ સંબંધી કવીતાઓ બનાવી હતી. એક અરબ ગ્રંથકાર **અબુજાફર અવતારી** લખી ગયો છે કે; “જરથોસ્તનું ધરમ લખાણ ૧૨૦૦૦ ગઉચરંમો અથવા ચરંમ પત્રકો ઉપર કરવામાં આવ્યું હતું.” એ સઘળાં લખાણો ૨૧ ભાગો જેને નોશકો કરી કહે છે તેમાં વહેંચાયલાં હતાં, હાલમાં મોજુદ રહેલી જરથોસ્તી ધરમ કીતાબો માંહેલું ઘણુંકદીમ પુસ્તક યઅશન અથવા યજશની છે. જેમાં પુરાતન અવસ્તાની ભાષાના અને ખુદ જરથોસ્તનાં બનાવેલા ૫ ગાથા અથવા ધરમ ગાએણો આપેલાં છે, વીસપરદછે. વંદીદાદનું એકલું પુસ્તકજ માત્ર પુરેપુરું બચી રહ્યું છે, પણ તેની બાવીશ પરગદો અથવા બાબો છે. વીસ્તાસ્પ નોશ્ક (પુસ્તક. દા. ગાંધી) બાગ છે, હાદોખ્ત નોશ્ક છે, દામદાદ નોશ્ક છે. અને ખોરદેહ અવસ્તાછે. **પર પરજાત વિદ્વાનોએ** જરથોસ્તની કીરતી વખાણી છે.

પરજાત વિદ્વાનોએ જરથોસ્તની વખાણેલી કીરતી.

માહા વિદ્વાન અને પુરો પંકાયલો પુરવીણ **લોર્ડ બેરન,**

આપણા પેગંબર વીશે જણાવી ગયો છે કે, બેકટ્રીઆનાં દાનાવઝની (જરથોસ્ત) એ જબરા ભરમ ભેદોના પરદા ખસાડી નાંખી આપણી નજરને તદનજ રાસ્ત, ખરી, અને ખુદાઇ રાહો ખુલ્લી કરી બતાવી છે. જેના દરેક કલામ સાંભળતાં અથવા જાણુતાંજ દીલ પાક બની, આપણુને પાપી બનવાની દેહેશત એકદમજ નીકળી જાય છે. જે જે તે શીખવી ગયો છે તે ખુદાઇ, રાસ્તી અને ચોખ્ખું છે. ત્વારીખોની બાબતથી પુરતી પાવરદી અને બધા ધરમ તત્વોથી વાકફગાર **મીશ ફ્રાનશેશ પીવરકોબ** સાફ રીતે જણાવે છે કે પેલો બલખ (બાકટ્રીઆ) નો દાનાવ પુરૂશ જરથોસ્ત કે જેણે લોકોને ભલી દીનની નેક રાહો બતાવી, તે જો હયાતીમાં નહીં આવ્યો હતે તો તમામ માનવીઓનો એતેકાદ કેવી (ડામાડોલ) હાલતમાં રહ્યો હતે ? તે વિશેનો પુરતો ખ્યાલ આપણાં મનમાં ઉતરી શકતો નથી. **આરથર હેનરી બ્લીક** ખુલ્લી રીતે જણાવે છે કે "જરથોસ્તી ધરમ એવો તો ચોખ્ખો, નરો અને ખુબ્જેરગ છે કે જેને સુધરેલી દુનીઆં તરફથી હમેશાં માન મળવુંજ જોઇએ છે. અને એ ધરમ પાલવા ખાતર એક પારસી બધી રીતે હમેશાં મગરૂર રહી શકે." **પંકાયલો ખુરનુફ** જણાવે છે કે "જરથોસ્તી ધરમ આપણી જાતી ખાશીઅતની ઉમદા શુધ્ધીની પીછાન કરાવે છે. અને એજ ધરમ માનવી જાત ઉપર ઘણીજ અગત્યની ફરજ એવી નાખે છે કે બુરાઇનાં મુલતત્વોની હમેશાં નીરૂધ જઇ તેની સામે થવું."

જરથોસ્તી ધરમની અપાર ખુબી.

હિંદુસ્તાની શાહાનશાહત ઉપર હાકમી ભોગવી ગયલા મુસલમાની શાહાનશાહો માંહેલા સઉથી બુલંદ જબરદસ્ત અને મોટા દરજ્જાવાલા **અકબર શાહાનશાહ** પોતાના ઇસલામી ધરંમ ઉપરાંત જુદા જુદા સઘળા ધરમોના ધરમ ગુરૂઓને બોલાવીને તેઓ સાથ તકરારો કરીને, તેમજ સઘળા ધરમોના મુલ તત્વોની ખુબ ધીરજથી ચોકશ રીતે તપાસ લીધા પછે, તેણે (અબ્દુલકાદર બદાઉની લખી ગયો છે તેમ) "હુકમ આપ્યો કે પવિત્ર આતશને અબુ ફાજલને હસ્તક કરવો અને ઇરાનના

પાદશાહો પોતાની દરેમેહેરમાં જેમ તેને હમેશ રોશન રાખતા તેમ રાત દીવસ રોશન રાખવા અબુ ફાજલને તેણે ફરમાવ્યું; કેમકે ખોદાતાલાની તે એક નીશાન છે, અને તેને પેદા કરેલી ઘણી રોશનીઓમાં એક તે છે"

શેહેનશાહ અકબર ૫૦ વરસ અદલપણે રાજ કરી ઇ. સ. ૧૬૦૫માં મરણ પામ્યો હતો.

કેટલાંક ગ્રંથકારોનાં તથા જંદ ભાષાના જાણીતા દસ્તુરો, ફીલસુફો તથા વિદ્વાનોનાં નામ.

દસ્તુરો	ફીલાશુફો તથા વિદ્વાનો
મોબેદ નેરીઓસંગ ધવલ	ફ્રેન્ચમેન આંકવી ટીલડુ પેરો
........................,	કલ્યુકર અને રારક જરમન પ્રો.
....	ડોકટર હાઇડ ડોકટર પ્રીડો
....	હીરોડોટસ, ગ્રંથકરતા.
દસ્તુર મેહેરજી રાણા.,........	હરમીપ્સ
„ અરદેશર ફીરમાની...	પ્લીની, કુદરતી વિધ્યા શાસ્ત્રી
....	ડોકટર રીટર. બારનબુનશન.
....	ડોકટર લાઇલ, ભુચના શાસ્ત્રી
....	„ ડાનીઅલ વીલ્સ. „
દસ્તુર દારાબ પાહાલણ.........	„ હાઉગ, પ્રોફેસર
....	ઉવીલીઅમ સ્મીથ, એલ એલડી
....	લોર્ડ બૈરન.
....	મીસ ફ્રાંન્સેસ પોપર કોબ.
દસ્તુર દારાબ સુરતવાળા	આરથર હેનરી બ્લીક.
....	બુરનુફ પ્રોફેસર.
....	સ્પીગલ. „
....	ઑપાર્ટ „
„ ફરામજી શોરાબજી નોસરીવાળ	ઇઉસ્ટી પ્રોફેસર
„ એદલજી દારાબજી સંજાણા	વેસ્ટર ગાર્ડ „
„ પેસ્તનજી બેહરામજી „	બ્રાક હાઉસ „
„ જામાસ્પજી જામાઆશાના	બોપ. „
„ હોશંગજી જામાસ્પજી	ડારમેસ્ટેટ „

ઉપલાં નામોની ગોઠવણીમાં કાંઇ ભુલ હશે તો વાંચનારા દાના સાહેબો દરગુજર કરશો એવી આશા છે. લી. સેવક દા. ના, ગાંધી

આપણી દુનીઆંની અટકલેલી વસ્તીની ગણુતરી એકંદર ૮૦૦૦૦૦૦૦ ની કરવામાં આવી છે, જેમાં ખ્રિસ્તી લોકોની

સંખ્યા એક ચતુરથાંસ ભાગ અથવા ૨૦૦૦૦૦૦૦ માણસોની જણાવી છે: તેઓ રોમન કેથોલીક પ્રોટેસ્ટંટ અને ગ્રીક ખ્રિસ્તી લોકો છે. માણસોની વસ્તીમાં દર વરસ ૬૦ લાખનો વધારો થતો જાય છે.

પારશીઓની વસ્તી—હિંદુસ્તાનમાં ૧૮૦૦૦૦ ની, ઇ. સ. ૧૮૭૦ માં ગણવામાં આવી હતી, ત્યારે સઘળી જાતો મલી હિંદુસ્તાનમાં એકંદર વસ્તી, ૧૫૧૫૪૨૦૦૦ હતી. અને જ્યારે હિંદુસ્તાનમાં એકંદર વસ્તી શને ૧૮૯૨માં, ૨૮૯૨૦૧૮૪૬ની હતી ત્યારે તેમાં પારશી ૮૯૮૮૭ હતા. એ જોતાં પારશીઓની વસ્તીમાં ઘણો ઘટાડો થતો માલમ પડે છે. એ ઘટાડાનાં ત્રણ કારણોછે, તેમાં પેહેલું પારસીઓનાં લગ્ન સંબંધી નવા ધારા "પારસી મેટ્રીમોનીઅલ કોડમાં" ખામી જેથી કન્યાઓનો થયલો વધારો, બીજું કન્યાંવાલાઓ પાસે વરવાળાઓનું રીતનું વધારે માગવું, અને ત્રીજું મોટી ઉમરનાં થઇ ગયા છતાં નહીં પરણવું. એ ત્રણ કારણોને લીધે પારશીઓની ઓલાદમાં ઘટાડો થતો જાય છે. એમાં પેહેલું કારણ મુખ્ય છે અને તેમાંથી બીજું અને ત્રીજું કારણ જન્મ પામ્યા હોય એમ લાગે છે. જો સેવક ભુલતો ન હોય તો એવું કહેવામાં આવે છે કે એ પારસી મેટ્રીમોનીઅલ કોડ એવો સખત રચાવેલો છે કે સ્ત્રીની ખુશી છતાં પણ તેના ધણીથી એક ઉપર બીજી બાએડી થાય નહીં; એટલુંજ નહીં પણ ધણી અને ધણીઆણી એની ખુશી છતાં પણ ફારગતી થઇ શકે નહીં એ કેવો સખત બલકે જુલમી કાયદો કહેવાય !

પારસી મેટ્રીમોનીઅલ કોડમાં સુધારો થવાની જરૂર.

કોઇ પણ જાતમાં કે ન્યાતમાં એવો કાયદો નથી કે ધણી અને ધણીઆણી એઉની ખુશી છતાં પણ અવસ્ય ફારગતી ન થાય. માટે એ ધારો બહુ સખત છે એમાં સુધારો થવો જોઇએ. નહીં તો કેટલાક વિદ્વાનો ધારે છે તેમ પારસી ટોલો એકાદ બે સદીમાં નાબુદ થવાનો. માટે એ બાબતમાં સઉથી પેહેલો સુધારો થવો જોઇએ; કારણ કે એ સખતીને લીધે ધણી ધણીઆણીમાં મીનાકેશો હોવા છતાં, ફારગતી ન થઇ શકવાથી, અનેક જોડાં કજોડાં થઇ, ધણી ધણીને ઘર અને ધણીઆણી ધણીઆણીને ઘર સબડે છે અને તેથી ઓલાદનો ઘટાડો થાય

છે એટલુંજ નહીં પણ બલકે કુકર્મો, ધર્મપાતો, કે આપઘાતો જેવી બદી નીપજવાનો સંભવ રહે છે.

હાલ જરથોસ્તીઓ માહેલા કેટલાકના વિચાર.

આપણા જરથોસ્તીઓ માહેલા કેટલાક સાહેબોના વિચાર અસલ જરથોસ્તી ધર્મના મુળભેદથી કાંઇક જુદાંજ વલણ ઉપર જતા લાગે છે. માટે તે વિશે ઉત્પન થતા કેટલાક સવાલ અને તેને લગતા જવાબ (ખુલાસા) સેવકની નાકસ અક્કલ મુજબ આ નીચે આપણી જરથોસ્તી કોમની જાણ માટે લખ્યા છે કે જેથી સ્પષ્ટ માલુમ પડે કે નેકીનો ખાવિંદ ખુદાતાલા છે અને બદીનો ચાહાનાર શેતાન છે. માટે સરવે કોઇએ નેક રાહા ઉપર ચાલવું અને બદીથી દુર રહેવું જોઇએ.

આપણા જરથોસ્તી મજહબનું ખાશ ફરમાન અશોઇ અને રાસ્તી અખત્યાર કરવાનું છે. કે જેમાં પવિત્રાઇ અને સાચવટ તથા નિતી રીતીના સઘલા ફાંટાઓનો સમાસ થાય છે. જેનાં આગલા વિદ્વાનો સારાં બ્યાન કરી ગયા છે માટે સેવક કાંઇ નવું કે વધારે બ્યાન કરી શકતો નથી. પણ આ ટુંક ઇસારો જાહેરમાં લાવવો. દુરસ્ત લાગવાથી આમાં લખી જણાવ્યો છે.

૧ કેટલાક એમ કહે છે કે—ઇનશાનનું રવાન પોતાની મુનસફી મુજબનાંજ નેક કે બદકામો કરે છે તો તેથી સવાલ એ ઉત્પન થાય છે કે નેક કામ કરવાની પ્રેરણા કરનાર કોણ અને બદકામ કરવાની પ્રેરણા કરનાર કોણ ?

જવાબ—શેતાની ફરેબથી ઇનશાન બદકામ કરે છે, માટે વોહુમન એટલે નેક વિચાર દ્રઢ રાખી શેતાની ફરેબવાલા બદ વિચારને તોડવા જોઇએ; કારણ કે નેક કામ પરવરદેગારને પસંદ છે, અને બદકામ શેતાન તરફનું છે.

૨ કેટલાક એમ કહે છે કે સપેન્તો મેન્યૂસ અને અંગ્રે મેન્યુસ એ બેઉ અહુરમજદનીજ મદદનિશ શક્તિઓ છે. તો તે ઉપરથી સવાલ એ ઉત્પન થાય છે કે નેક અને બદ બેઉ કામની પ્રેરણા ઇનસાનને અહુરમજદ તરફથીજ મળતી હોય એમ ગણાય તો પછી બદ કામ કરનાર સખસને દોજખની શિક્ષા શા માટે થાય ?

જવાબ—એ નેક અને બદ બેઉ જુદી જુદી શક્તિઓ છે. નેક કામ પરવરદેગારનું પસંદ કરેલું છે, અને બદ કામ શેતાન તરફનું છે. પેદાનો કરનાર પરવરદેગાર છે અને મોતનો કરનાર શેતાન છે. માટેજ આ દુનીઆને ફાની દુનીઆં ગણેલી છે. તે અસલ મતને મજબુત ગણવું જોઇએ. જુદી જુદી કોમનાં જુદાં જુદાં મતો ઉપર ઢલવું એ આકીન ડામાડોલ કરવાની નીસાની છે.

૩ કેટલાંક ધારે છે કે ઇનશાન સંપૂર્ણ હાલતમાં છે. તો તે ઉપરથી સવાલ એ ઉત્પન થાય છે કે--આ દુનીઆમાં જો ઇનશાન સંપૂર્ણ હાલતમાંજ હોય તો પછી તેને જંજાળ શાની હોય અને મોત પણ કેમ થાય?

જવાબ—આ દુનીઆમાં ઇનશાન સંપૂર્ણ નેક હાલતમાં નથી; કારણ કે આ ફાની દુનીઆમાં શેતાની ફરબનો દોર છે. અને તે દોરના સપાટામાં કોઇ પણ પ્રકારે આવવાથી ઇનશાનનું મોત નીપજે છે,

૪ વળી સવાલ એ ઉત્પન થાય છે કે ઇનશાનમાં રવાન અને ફરોહર એ અહુરમજદ તરફના છે છતાં ઇનશાન આડે, રાહે જવું શાથી પસંદ કરે છે?

જવાબ—શેતાની ફરેબથી ઇનશાન આડે રાહે દોરવાય છે. જરથોસ્તી ધર્મની મોતેબરી વિશે તો ઘણા વિદ્વાનો સિધ્ધ કરી ગયા છે. એમાં હવે નવું કરવા જેવું કાંઇ નથી, પણ હાલના સમયમાં એ ધર્મની પવિત્રાઇ (અશોઇ) અને નિતી (રાસ્તી) મુજબ ચાલનારા ઘણાજ થોડા જણાય છે માટે સરવેને તે પવિત્રાઇ અને સચ્ચાઇ ઉપર ચાલવાની દાના દસ્તુરો તથા અકાબર સાહેબો તરફથી સુચના અને સાહયતા મલવી જોઇએ. હાલમાં ઘણાક જરથોસ્તીઓ પવિત્રાઇ (અશોઇ) જાળવતા નથી અજીઠ વટાલ વાપરે છે, જુદદીનો બે હાથનું પકાવેલું ખાણું ખાય છે, અને કેટલાક તો બીડી ચીરૂટ પણ પીએ છે વગેરે અનિતીથી ચાલે છે. તેનો સુધારો થવો જોઇએ; કારણ કે એ અવગુણો ઘણા નામોશી અને ગુનાહ ભરેલા છે.

૫—કેટલાક કહે છે કે રવાન કોઇ પણ ઘડીએ સહેજ પણ આગમજથી ખબર આપ્યા વગર કાયાંથી કુચ કરી જાય

છે. તો એ ઉપરથી સવાલ એ ઉઠે છે કે શું રવાન પોતાની મરજીમાં આવે ત્યારે કાયામાં આવે અને મરજીમાં આવે ત્યારે નીકલી જાએ એમ છે?

જવાબ—રવાન જો પોતાની મરજીમાં આવે તે વખતે તે કાયામાં આવતું હોય અને જીંદગીની કોઇ પણ ઘડીએ મરજીમાં આવે ત્યારે કાયામાંથી કુચ કરી જતું હોય તો તે ઉપર અહુરમજદનો કે અંગ્રેમેન્યૂશનો કોઇ પણ અલાખો નથી એમ ગણાય; પણ તેમ નથી: સેવકે આગલ કહયું છે કે ઇનશાન, સેતાની ફ્રેબના કોઇ પણ પ્રકારે સપાટામાં આવ્યાથી તેનું મરણ નીપજે છે. પેદાનો કરનાર અહુરમજદ ખુદા સપેન્તો મેન્યૂશ છે; અને મોતનો કરનાર અહેરેમન શેતાન અંગ્રેમેન્યૂશ છે, તે હરપ્રકારે ઇનશાનને ફેરબદઇ ભુલ—થાપ કે દુખમાં નાંખી તેનું મોત નીપજાવે છે.

૬ કેટલાક કહે છે કે સપેન્તો મેન્યુશન અને અંગ્રેમેન્ફ્રશ એક ભલી અને બીજી બુરી એ બેઉ મીનો શક્તિઓ અહુરમજદનીજ છે. તો તે ઉપરથી બીજો સવાલ એ ઉત્પન થાય છે કે અહુરમજદ જો પાક અશો અને પેદાનો કરનાર છે તે બુરામીનોને શા માટે પેદા કરે? અને દુનીઆમાં ખરાબી શા માટે કરે?

જવાબ—સપેન્તો મેન્યૂશ અને અંગ્રેમેન્યૂશ એક મલી અને બીજી બુરીએ બેઉ શક્તિ જે એક બીજાથી વિરૂધ છે તે કાંઇ અહુરમજદની કહેવાય નહીં. પણ અસલ અવસ્તામાં જે છે તેજ ખરૂં ગણવું જોઇએ- અહુરમજદ તેજ સપેન્તો મેન્યૂસ (સપેનામીનો) (ખુદા) છે. અને અહેરેમન તેજ અંગ્રેમેન્યૂશ (ગનામીનો) (શેતાન) છે. અને એ બેઉ એક બીજાની વિરૂધ છે. પેદાનો કરનાર સપેન્તો મેન્યૂશ (સપેનાંમીનો) અહુરમજદ છે, અને ખરાબી તથા મોતનો કરનાર અંગ્રેમેન્યૂશ (ગનામીનો) એહેરેમન છે. પાક અહુરમજદ (ખુદા) જે પોતે પોતાની પેદાએશને પેદાનો કરનાર છે, તેજ પોતે પોતાની પેદાએશને મારે છે એવું કહેવું એ ભુલ ભરેલું છે, બલકે ગુનાહ ભરેલું છે, કારણ કે જે પેદા કરે તે મારી શા માટે નાખે તે વિશે દાનાવોએ દરીઆફ્ત કરવો જોઇએ. બુરેમીનો અને બુરાઇ કરવાની પ્રેરણા એ અહુર

મજદ તરફની હોયજ નહીં; કારણ કે અહુરમજદ પોતે જે પાક (પવિત્ર) અને પેદાનો કરનાર છે તે બુરામીનોને શા માટે પેદા કરે, બુરેમીનો (અંગ્રેમેન્યૂસ) એહરેમનતો ખરાબી અને મોતનો કરનાર છે.

લા. સેવક **બેહેદીન દાદાભાઈ નાનાભાઇ ગાંધી**

પેનશન્ડ ફર્સ્ટ કલાસ હેડ પોસ્ટ માસ્તર

રહેવાશી સુરત ગોપીપરા પારશીવાડના

સલામ વાંચશો.

દાદાર અહુરમજદની મદદ.

અવસ્તાઓ જંદ વગેરે કીતાબોમાંથી ચુંટી કહાડેલા ફકરાની ખાશ યાદી.

દાદાર અહુરમજદ દાદગર બખશાઇ અંદેહ બખશા એશગર મેહેરબાન દાદગર	મનશની, ગવશની, કુનશની નેક વમાસવુ, નેક બોલવું, નેક કામ કરવું.અશોઇ અને રાસ્તી એ ધર્મના મૂલ છે.

બેહેત.	માએની.
અગર હક પરસ્તીકુની અખત્યાર, દર એકલીમે દોલતશવી શહેરીઆર	અગર જો તું ખુદાની બંદગી કરે! હેવી પસંદ કરશે, તો દોલતના મુલકમાં પાદશાહ થશે. ઇયાને ઘણો ફાયદો પામશે. દા. ના. ગાંધી)
મબાદા દીલેઆં ફરોમાઇએ સાદ કે અજ બેહેરે દુનીઆં દેહદદીન બબાદ	તે કમીનાનાં દેલને ખુશી ન હોતી કે જે દુનીઆંની મોજને માટે ધર્મને ખરાબ કરે.
જીંદગી ખાશ અજબરાએ બંદગીસ્ત, જીંદગી બે બંદગી શરમીંદ ગીસ્ત	ખાશ કરીને જીંદગી બંદગી કરવા માટેછે બંદગી કરેઆ વગરની જીંદગી શરમ બરેલી છે

અવસ્તા	માએની
જનાને દામ દેવઓદા—તેમ, જનાને નશશ દેવઓદા—તેમ; જનાને પેરેકામ ઇઆં મખ નાથે તે.	દેવોના કીધેલા કાલબુતોને ધિક્કારવું (તોડવુ) દેવોના કીધેલાં નશશ પલી દીને ધિક્કારવું. દેવોએ કીધેલાં ખરાબ કામોને ધિક્કારવું.

ઇઅસ્ચાવા ઓમશઇ અજે તે દરૂજસ્થા પરમ તો એસ્યા.	જેઓ દરૂજોની ઘણી આરાધના કરે છે તેઓ હમેશના તો—જશ (દોજખ)માં પડે છે.
વોહુ ગેદી મંનંઘા દાએદી, અશા દાઓ દરેગાઇઉ	નેક મનશની ઉંચો દરજ્જો આપે છે. (બેહેસ્તે પોહોચાડે છે.) અશોઇ (પવિત્રાઇ) લાંબી જીંદગી આપે છે.
શ્રીંશાનાઓ અશાપથો વંગેઓશ બેતંગ મનેથ્રો.	(અહોરમજદે જરસ્થોતને કહયું છે કે) મ્હારી અશોઇનીરાહા શીખ, અને નેક મનશની પોતાની કર (રાખ)
દેનાઓ શેશી અંતામ ઇઆ હુકેરેતા અશાદ ચીદ ઓરૂઆશદ.	ફ્રાએદે મંદાની એ દીન છે કે જેઓ નેક કરણી કરે અને અશોઇ (સવાબ)નાં કામ કરે, તેઓનાં રવાન ખુશી પામે. (બેહેસ્ત પામે)
નોએદના પએ થાઓં તેશે જરથોસ્તર નાચ કએ નીચ હનાચ બઉદોહીઆદ.	અએ જરથોસ્ત, ઇનશાનને લાએક નથી કે મરદ ઓરત કે હરકોઇએ વિખ ખાઇ જીવ ઘાત કરવો. (ઇઆને આપ ઘાત કરવો તે લાયક નથી.)
થવોએ સતોએશ તરસ્યા માથ્ર નસ્યા અહુરેમજદા.	અએ અહુરમજદ તાહારી શેતાએશ બંદગી માથ્રવાણી છે. (ઇઆને અવસ્તાઓ જદ છે) તે જુબાનમાં કરૂં.)
તેમ આજુતોએશ અહુરોમાથ્રેમ તસદ અશાહ-જોશો.	અહુરમજદે પાક બંદગીની સાથ મોરાદ રોખનારા (સંબંધ રાખનારા) તે આબાદાનીના "માથ્રા" ને બનાવ્યાચ.
અહીઆ ઇઆશાને-મંધા ઓસ્તા નજસ્તો રફેદર–હીઆ મેનીઓશમજદા.	તે મીનો અહુરમજદની બંદગીની ખાહેશ કરૂં રામશની અને સુખને માટે, આજેજીના ઉઠાવેલા હાથે કરી. (ઇઆને તાબેદારીથી)
ઇએચા ખશનોશેન અહુરેમ હેથીઆએશ શીઓથનાએશ ફ્રોરેદ મજદામ	જે કોઇ અહુરમજદને ખુશ હાલ કરે જાહેર અશોઇ તથા સવાબનાં નેક કામથી તે તે મોટા દાના સાહેબને હજુર પોંહોંચી શુકે

દઆ નરશ સાદરા દરેગુઅતો=જે સખસ આલશુ છે તે દોજખી છે.

તદદરૂઅતો દરૂ અતામ ઓરૂઅથો પેત દારેસ્ત.	દરૂ અંદો કરતાં મોટો દરવંદતે સખસ કે જે તેઓ સાતે દોસ્તી રાખે. (દઆને ખાય પીએ ખેશી કરે તે.)
તદ દરૂઅતો દરૂઅતીઆ ઓસ્ય અશે ઓશે કરનગઉિઅ દુઅરેથર જફરદરે જુઆંન પેરે આરૂ એસ્તેમ	તે મરફ દરવંદો કરતાં મે દરવંદ કે જે દરવંદની દીશખુન દેલમાં લાવે અને હોઆરીના કાને કરી સાંભળે અને જુબાંગે કરી બોલે અને જુઓનને તેની (દીન) તરફ ફેરવે.
પેરે ગેથે ખશમાઉિઅતો વહુમે મજદા ગરોંએશ સતુતામ	અએ અહુરમજદ પોંહોંચું તાહારી ખુશી ભરેલી નેઆએશ બંદગીમાં અને ગરોથમાંન (બેહેસ્ત)માં બી તારી શ્રેણી શેતાંએશ કરૂં: (અને જાદગોઇ કરૂં એટલે નેક રાહે ચાલું અને બીજાને ચાલવા શાખવુ.)
અદતોએ મી અજંદેમ અહુરા ને મથા અશાયા દામા.	અએ અહુરમજદ એરવેશ તાહારેથી બદલો અવલથીજ જતાહારી ખેશીથી રાખું, અને નીઆએશ બંદગી અરદીબેહેસ્તને આપું. (દઆને આતશ આગળ તાહારી બંદગી કરી તાહારેથી એરવેશ બદલો ચાહુ છું. તાહારી નેકરાહા ઉપર ચાલી નેક બદલાની આશા રાખું છું. દા ના. ગાંધી

લી. દુવાગીર સેવક

બેહેદીન દાદાભાઈ નાનાભાઈ ગાંધી

પેનશંન્ડ ફર્સ્ટ કલાસ હેડ પોસ્ટ માસ્તર

રહેવાશી સુરત ગોપીપરા પારસીવાડના સલામ વાંચશો.